**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૫૦/– આજીવન ૫૦૦/–
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/ (વિમાનથી) આજીવન ૫૦૦૦/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧,૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ, ભાવનગર, ૩૬૪૦૦૨ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| અદ્‌ભુત મદદ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| સર્વનું આરોગ્ય–૧ | ડૉ. અભય બંગ, ડૉ. તરલિકા ત્રિવેદી | ૧૧ |
| સામૂહિક સાધના, સામૂહિક સમાધિ | સંત વિનોબાજી | ૧૬ |
| ગુરુદેવના અદ્‌ભૂત અનુભવો | કુમુદચંદ્ર ત્રિવેદી | ૨૩ |
| પૂ. માની નિત્યનોંધ | મા સર્વેશ્વરી | ૩૭ |
| પૂ.શ્રી યોગેશ્વરજીના જન્મદિનની ઉજવણી | નારાયણ હ. જાની | ૪૧ |
| અંબાજી ખાતે ભાદરવીનો મેળો | તંત્રી | ૪૨ |
| સ્વામી રામના જીવન પ્રસંગો | કુંદનિકા કાપડિયા | ૪૩ |
| Van Vishram–2009 | Parth | 48 |
| વન વિશ્રામ–૨૦૦૯ | અનુ. નારાયણ હ.જાની | ૫૩ |
| સાધનાનો પ્રભાવ કેમ દેખાતો નથી? | સ્વામી ચિદાનંદજી | ૫૯ |

**ભક્તિસુધા**

રસમય વાતો પ્રભુતણી, સુણવા દોડે કાન;
એ વાતોના શ્રવણમાં, કદા ભૂલીશ હું ભાન? ૬૧
સહજ પ્રેમ જેમ નયનનો, રૂપ વિષે દેખાય;
સહજ પ્રેમ મારો કદા, એવો પ્રભુમાં થાય? ૬૨
પ્રભુકથામૃતપાનમાં, પામી અતિઆનંદ;
કદા ત્રિવિધ તાપો અને, છોડીશ આ ભવફંદ? ૬૩

**–પૂજ્યપાદ મહારાજશ્રી નથુરામશર્મા**

# સદ્ભાવભરી અભિનંદનીય સહાય

કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઇ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઇ રહી છે.

અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.

એ કેન્દ્રના સર્વ ભાઇબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.

આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ કેન્દ્ર ઉપાડી રહ્યું છે.

ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઇબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઇ શાહ અને વિમળાબેન શાહને.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.

—મા સર્વેશ્વરી



# અદ્ભુત મદદ

યોગેશ્વરજી

જોહાનિસબર્ગના અમારા નિવાસ દરમ્યાન એક દિવસ ડરબનથી બોલાવનારા સત્સંગ મંડળના સુપ્રસિદ્ધ કાર્યકર્તા શાંતિભાઇનો ટેલિફોન આવ્યો.

આમ તો ડરબનથી નીકળ્યા પછી ડરબનથી બહારનાં જુદાં જુદાં શહેરોમાં અમે જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં એમના કુશળ સમાચાર પૂછતા ટેલીફોન લગભગ રોજ આવ્યા કરતા, પરંતુ એ દિવસે જે ટેલિફોન આવ્યો, તેનો ધ્વનિ જુદો જ હતો, શાંતિભાઇના પોતાના જ શબ્દોમાં કહીએ તો ''ગઇ કાલે એક મહાન ચમત્કાર બની ગયો, એ એક ચમત્કાર જ કહેવાય.''

''ચમત્કાર આજે પણ બને છે, આવા ધર્મવિમુખ કલિકાળમાં પણ.''

'હા. એ ચમત્કારજ હતો.'

'કાલે સવારે હું કોઇક કામ માટે દુકાનની બહાર ગયેલો ત્યારે દુકાનમાં એક અજાણ્યો યુવક આવ્યો, એણે દુકાન સંભાળનારા ભાઇને એક કવર આપીને જણાવ્યું કે આ રકમ યોગેશ્વરજીનાં પ્રવચનોની મદદ પેટે છે.'

'વધારે કંઇક પૂછી શકાય તે પહેલાં તો તે યુવક વિદાય થયો.'

દુકાનમાં પહોંચ્યા પછી મેં કવરને ઉઘાડીને જોયું તો તેમાં આઠસો રેન્ડની નોટો હતી. ભારતીય ચલણમાં તે રૂા. આઠ હજાર જેટલી થાય. મને એ જોઇને અજાયબી લાગી. એમાં બીજું કશું ન હતું. આટલી મોટી રકમ આપનારી એ અપરિચિત

વ્યક્તિ કોણ છે અને રકમ કોના દ્વારા મોકલવામાં આવી છે એનો કશો નિર્દેશ એમાં ના મળ્યો.

'અમે શહેરમાં અમારાથી બનતી બધી જ તપાસ કરી તો પણ ચોક્કસ માહિતી ના મળી.'

'એને ચમત્કાર માન્યા સિવાય છૂટકો ના થયો. ચમત્કાર જ, મહાન ચમત્કાર.'

એ પ્રસંગ અદ્‌ભુત કહી શકાય એવો હતો. ઈશ્વરની કૃપાના પરિણામે મળતી મદદના એવા પાવન પ્રસંગો જીવનમાં અવારનવાર બનતા હોય છે, એ દૃષ્ટિથી જોઈએ તો સમસ્ત જીવન ચમત્કૃતિજનક લાગે છે.

એ મહામૂલી અદ્‌ભુત મદદ કાર્યકર્તાઓને માટે ઉપયોગી થઇ પડી. એના મોકલનારાની માહિતી ના મળી તો પણ એની અસરકારકતા તો એવી જ અસાધારણ અને અમોઘ રહી.

મનુષ્ય ભૂલને પાત્ર છે એમ સમજી તમારાપ્રતિ અયોગ્ય વર્તન કરનાર સૌને ક્ષમા આપવાનો સ્વભાવ રાખવો. વાતને પૂરી સમજ્યાવિના કોઇના સંબંધમાં અવળો વિચાર કદી પણ ન બાંધવો. સજ્જનો શુભહેતુથી પ્રેરાઇને આપણને ન ગમે એવું કોઇ કાર્ય કરતાં હશે એમ સમજીને, અને આપણું અપ્રિય કરનાર દુર્જનો સર્વદા દયાને પાત્ર છે એમ ગણીને, તે બંનેના પ્રતિ પોતાના મનમાં દ્વેષભાવ ન ઉપજવા દેવો. ક્રોધાદિ વિકારના હેતુઓ પ્રાપ્ત થયા છતાં પણ જેમનું મન ક્રોધાદિ વિકારને વશ થતું નથી તેઓ જ વાસ્તવિક ધીર કહેવાય છે. **—નાથ વચનામૃત**




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૧ સપ્ટેમ્બર—૨૦૦૯ અંક ૧૨**


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ૫૫, અરૂણોદય સોસાયટી,અલકાપુરી, વડોદરા.**

**તા.૮—૨—૮૨, સોમવાર**

સવારે પૂ.શ્રી નિત્યનિયમ મુજબ સમયસર સ્નાન કરી લે છે. વ્યાયામ પોણો કલાક નિયમિત થાય, પરંતુ આજકાલ પૂ.શ્રીને ફીશરની તકલીફને લીધે થોડો વ્યાયામ કરી લે છે. દોઢ કલાક લેખનકાર્ય કરી ફરી થોડો આરામ કરે છે.

સાડા અગિયાર વાગ્યે મગભાતનું ભોજન ઉપર લાવવામાં આવે છે. પૂ.શ્રીએ આજે થોડા મગ, દૂધને બે બીસ્કીટ ભોજનમાં લીધાં. આજકાલ શ્રી જીતુભાઇને ભોજન માટે પૂ.શ્રી સાથે જ બેસાડે છે.

ભોજન બાદ મુલાકાત શરૂ થાય છે. આજે શ્રી વિજયભાઇ પૂ.શ્રીને પોતાનો અધ્યાત્મિક પ્રગતિ અંગે થોડા પ્રશ્નો પૂછે છે.

પ્રશ્નઃ— અમારી અધ્યાત્મ માર્ગે કેવી ભૂમિકા થઈ છે તે આપ જણાવો.

પ્રશ્નઃ— જીવનમાં જ્ઞાન ભક્તિ ને કર્મને કેવી રીતે ગુંથી લેવાં.

પ્રશ્નઃ— ક્યારેક જીવનમાં અપૂર્ણતા જણાય તેનું શું કારણ?

પૂ.શ્રીએ રમુજ ભરી જ્ઞાનની વાતો કહી. શ્રી વિજયભાઈ (બાપજી) કામ કરે છે તે તેમને ડંખે છે. તેઓ પોતે યુવાન હોઈ આખોયે સમય સાધનામાં જ વીતાવવા માંગે છે. પૂ.શ્રીએ કહ્યું "આપ પ્રભુમાર્ગે જ આગળ વધવા માંગતા હો તો અને તમે જ કામ કરો છો તે તમને બંધન ને બોજો લાગતું હોય તો છોડી શકો છો, ગામડે ગામડે કથા સત્સંગ વગેરે કરો જેથી તમારા અંતરાત્માને સંતોષ થશે. સવાર સાંજ નિયમિત સાધના કરવી. હીરાને ઘસ ઘસ કરો છો હવે જીવનને ઘસવાનું શરૂ કરો."

એક બેન તેમના પતિ સાથે પ્રથમવાર જ પૂ.શ્રીને મળવા આવે છે. તેમણે પોતાની વાતો કરતાં પૂ.શ્રીને જણાવ્યું કે હું પોંડિચેરી માતાજીને માનું છું. તે દશેક વરસ ઉપર મને ઘણીવાર સ્વપ્ન દર્શન આપતાં, હવે એ દર્શન થતાં નથી. પૂ.શ્રીએ તે બેનને સમજાવતાં કહ્યુંઃ— હવે સ્વપ્ન દર્શનની તમને જરૂર નહિ હોય. જ્યારે જરૂર હતી ત્યારે દર્શન આપ્યાં. બાળકને ઘોડિયામાં ક્યાં સુધી સુવડાવીએ—જ્યાં સુધી તે નાનો હોય ત્યાં સુધી જ ને?

બીજા પણ થોડા પ્રશ્નો થયા. આજની ચર્ચામાં આનંદ આવ્યો. પૂ.શ્રીએ આરામ કર્યો. મુલાકાતબાદ શ્રી ભોજાણી સાથે સર્વેશ્વરી થોડું બેઠાં. સાંજે પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવતું પ્રવચન પૂ.શ્રીએ કર્યું. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી પૂ.શ્રીએ આરામ કર્યો, મોડેથી દૂધ પીધું.



**સ્થળઃ૫૫, અરૂણોદય સોસાયટી,અલકાપુરી, વડોદરા.**
**તા.૯—૨—૮૨, સોમવાર**

પૂ.શ્રી પોતાના નિત્યકર્મમાં અતિનિયમિત હોય છે. ઘડિયાળને કાંટે પૂ.શ્રીનું બધું જ કાર્ય થાય છે. લેખનકાર્ય આજકાલ પૂ.શ્રી એક કલાક કરે છે. ત્યારબાદ માળા લઈને પલંગમાંજ આરામ કરે છે.

આજે ભોજનમાં પૂ.શ્રી કણકી ને દૂધ જ લે છે. ભોજનબાદ મુલાકાત શરૂ થાય છે.

આજે લોસએંજલસ—અમેરિકાથી શ્રી હીરાભાઈ તથા તેમનાં પત્ની પણ મળવા આવે છે. પૂ.શ્રી તેમની સાથે વિદેશની વાતો કરે છે પછી પૂ.શ્રી તેમને વાતો દરમ્યાન મહત્ત્વની વાત પૂછે છે.

પ્રશ્નઃ— મંત્રજપ વગેરે તો બરાબર ચાલે છે ને!

શ્રી હીરાભાઈઃ— મુસાફરીમાં મંત્રજપનો નિયમ ખોરવાઈ ગયો છે.

પૂ.શ્રીઃ— મુસાફરીમાં પૈસા ખોરવાઈ જતા નથી. નથી ચા પીવાનું ખોરવાતું કે નથી ભોજન અનિયમિત થતું, તો જપ કેમ ખોરવાય જાય? નિયમિત કરો જ.

શ્રી હીરાભાઈઃ— અમેરિકાથી ભારત આવીએ અહીંના સમાજના લગ્નમરણ વગેરે અવસરોમાં વ્યવહારોમાં પડી જવાય.

પૂ.શ્રીઃ— હવે તમે ક્ષેત્ર સંન્યાસ લઈ લો. જુઓ, અમે નાના હતા ત્યારથી જ નિયમ રાખેલો કે લગ્નમાં, મરણમાં, ભોજનમાં ન જવું. અમારાં બેનના મોટા દીકરાની જનોઈ પ્રસંગે પણ અમે તેને ત્યાં ન ગયા. તેમ તમે પણ નિયમ બનાવો. એ નિયમથી શાંતિ મળે. સમય બચે ને જરૂર વિનાની દોડાદોડ મટે.

એકભાઈ:— હું રીટાયર્ડ છું. છતાં મન ચંચળ હોવાથી જપ પ્રાર્થનામાં સ્થિર થતું નથી.

પૂ.શ્રી:— મનને જ્યાં રસ લાગે છે ત્યાં મન સ્થિર થઈ જ જાય છે. મન લાગે કે ન લાગે પણ જપ કરો. પ્રાર્થના કરો. સંતસમાગમ કરો. લાંબેગાળે એમ કરતાં કરતાં મન સ્થિર થઈ જશે. ઘણીવાર વાતાવરણ મનને થોડું ચંચળ બનાવે તો પણ વાંધો નહી. બધા કામોમાં જ મન ચંચળ હોય છતાં વખત થાય એટલે ખાઈએ છીએ. તેમ મન ચંચળ હોય છતાં જપ કરીએ.

આજે પાદરાથી પૂ.શ્રીને આમંત્રણ આપવા બે ચાર ભાઈઓ આવે છે. મહાશિવરાત્રી નિમિત્તે પાદરા ગામ જે વડોદરાથી ઘણું નજીક છે ત્યાં તા.૨૧ મીએ પ્રવચન ગોઠવાય છે વળી આજે દક્ષિણ ગુજરાત થીયોસોફીકલ સોસાયટીના સભ્યોની એક શિબિર તા.૨૮ મીએ સુરતમાં થનાર છે, તેમાં પણ પૂ.શ્રીએ અધ્યક્ષ માટેની મંજૂરી પત્રથી આજે આપી દીધી છે.

પૂ.શ્રીના આગમનથી જ જાણે સૌ રાહ જોઈને બેઠા હોય એવું લાગે છે. પૂ.શ્રીના આગમન પછી તરત જ તા.૩૦ મીએ તા.૩૧ મીએ તા.૩ જીથી કાર્યક્રમ શરૂ થઈ ગયા. તા. ૨૧ મી તા.૨૨ મી તા.૨૮ મીએ પણ કાર્યક્રમ ગોઠવાઈ ગયા.

અવિરતપણે વિદેશની ધરતી ઉપર કાર્ય કર્યા પછી અહીં પણ સતત શ્રમ શરૂ થઈ ગયો છે.

મુલાકાત પૂર્ણ થતાં પૂ.શ્રી પોતાના ઓરડામાં આવી જાય છે. પૂ.શ્રીનાં પુસ્તકો દર વરસે પ્રકાશિત થતાં રહે એ અંગે ટ્રસ્ટની વાતો શ્રી રમણભાઈ સોની, શ્રી જીતુભાઈ ગાંધી, શ્રી ચંપકલાલ શાહ સાથે પૂ.શ્રીએ થોડીવાર ચર્ચા વિચારણા કરી.

ત્યારબાદ પૂ.શ્રી આરામ કરે છે. આજકાલનો આરામ



એટલે પૂ.શ્રી સાચે જ પલંગ ઉપર લાંબા થઈને સૂઈ જાય છે. ફીશરની તકલીફ છતાં બેસી શકાય છે, એ ઈશ્વરની કૃપા કહેવાય.

સાંજે પ્રવચન સ્થળે ૬ વાગ્યે જવાનું બને છે. પૂ.શ્રી બરાબર છ વાગ્યે નીચે દરરોજની જેમ ઉતરવા માટે દાદર ઉપર બેલ વગાડે છે. નીચે શ્રી જીતુભાઈ વગેરે તૈયાર જ હોય એટલે ગાડીમાં બેસવાનું જ રહે છે.

પ્રવચન સ્થળે સમયસર પહોંચી જવાનું બને છે. પૂ.શ્રી દાંડિયાબજારના માણેકરાવના અખાડાના મેદાનમાં બનાવેલા મંચ ઉપર બેસે છે. પાસે જ સર્વેશ્વરીની બેઠક હોય છે. જેથી તે ત્યાં બેસે છે. પ્રવચન પૂર્ણ થતાં જ સર્વેશ્વરી દરરોજની જેમ ભજનો ગવડાવે છે.

પ્રવચનબાદ ૨૦,૨૫ મિનિટ પ્રણામ કરનારાઓની ભીડ જામે છે. ત્યારબાદ પૂ.શ્રી ગાડીમાં બેસી ઉતારા ઉપર આવી જાય છે.

આજે પૂ.શ્રી શીંગોડાનો શીરો ને બાફેલો બટાકો, દૂધ વગેરે લે છે. હળવો અલ્પાહાર લેતા લેતા પૂ.શ્રી કહે છે:—

લોકકલ્યાણ અર્થે પૃથ્વી ઉપર આવવામાં પણ શું સુખ છે? કોનું કલ્યાણ થયું ને થશે? કેટલી મુશ્કેલીઓને તકલીફ રહે. લોકકલ્યાણની વાસના પણ નકામી છે. પૂ.શ્રીને હવે લોકકલ્યાણ અર્થે પણ પૃથ્વી ઉપર આવવાનું નથી ગમતું એવું લાગે છે.

અલ્પાહાર બાદ આરામ.

**(ક્રમશઃ)**

# સર્વનું આરોગ્ય–૧

ડૉ. અભય બંગ, સંકલનઃ–ડૉ. તરલિકા ત્રિવેદી

(તા. બીજી ઓક્ટોબર ૨૦૦૦ના રોજ ડૉ. અભય બંગે પૂણેમાં આપેલા વ્યાખ્યાનનો સાર આ લેખમાં છે. ડૉ. બંગ, વ્યવસાયે તબીબ, આરોગ્ય ક્ષેત્રમાં સંશોધનો કરીને છેવાડાના લોકો સુધી તેનો લાભ પહોંચે તે માટે પ્રયત્નશીલ છે અને ''અધ્યાત્મ''માં આ અગાઉ આપણે તેમનો થોડો પરીચય મેળવી ચુક્યા છીએ. આ વક્તવ્યમાં શરીરથી શરૂ કરીને ડૉ.બંગ આપણને આત્મા સુધી કઇ રીતે પહોંચાડે છે તે અનુભવવા જેવું છે.)

નીરોગી રહેવું હોય તો નીરોગી જીવવું પડે. મેડિકલ કોલેજો કે મોટા દાક્તરો આ શીખવતા નથી. ડૉ.ડીન ઓર્નિશ જેવા આધ્યાત્મિક દાક્તરે મારા હૃદયરોગની સારવાર દરમ્યાન મને આ શીખવ્યું.

વિશ્વમાં થતાં મૃત્યુના ત્રણ મુખ્ય કારણો છેઃ હૃદયરોગ, કેન્સર અને બાળમૃત્યુ. અને આ ત્રણે કારણો આપણી વ્યક્તિગત તેમ જ સામાજિક આરોગ્યની સ્થિતિના પ્રતિબિંબ સમાં છે. વિશ્વસ્તરે આપણી પ્રાથમિકતાઓ, આપણી અર્થવ્યવસ્થા અને માનવજીવનના મૂળભૂત પ્રશ્નો ઉકેલવાના આપણા પ્રયત્નો–બધું ફેરવિચારણા માગે છે. આજે મારે તમને આરોગ્ય જાળવવાના અને માનવજીવનની સાર્થકતા મેળવવામાં ઉપયોગી થાય તેવા છ સરળ સૂત્રોની વાત કરવી છે.

**<u>છ સૂત્રોઃ</u>**

**૧.<u>ખોરાકઃ</u>** રોજીંદા ખોરાકની પસંદગી ધ્યાનપૂર્વક કરવા જેવી છે. જે મળે તે હોજરીમાં ન નંખાય. ઓછી ચરબી, વધુ રેષા અને ખૂબ ફળો–આવો આહાર લેવાથી કેન્સર અને હૃદયરોગની શક્યતા ૫૦ ટકા ઓછી થશે.



**૨.<u>વ્યસનઃ</u>** તમાકુ તથા દારુને દૂર જ રાખો. દર વર્ષે આ બે વ્યસનથી ૩૮ લાખ માણસો મરે છે.

**૩.<u>વ્યાયામઃ</u>** રોજ ૩૦ થી ૪૦ મિનિટનો વ્યાયમ કરો. સૌથી સરળ,સસ્તો અને સંપૂર્ણ વ્યાયામ એટલે ચાલવું.

**૪.<u>પ્રાણાયમઃ</u>** યોગાસન, શવાસન અને પ્રાણાયામ શરીર અને મનને લયબધ્ધ કરે છે. મનની ગતિનું નિયમિન થતાં કોઇ ક્ષણે મન સ્થિર થાય અને ધ્યાનનો પ્રારંભ થાય. પ્રાણાયામ એ ધ્યાનનું પ્રવેશદ્વાર.

**૫.<u>ધ્યાનઃ</u>** ધ્યાન એટલે મનની એકાગ્રતા અને મનનું અંતરાવલોકન. તમે ''મન''નથી પણ તેના ''જોનાર'' છો. ભલે તમારું મન દોડ્યા કરે, એમાં ચાલતા વિચારોને ''તમે'' જોઇ શકશો. જ્યારે આ સાક્ષીભાવ આવે ત્યારે આપણે ચેતન સ્વરૂપમાં રહેવા માંડીએ. એ સ્વરૂપમાં કોઇ દોડાદોડ નથી, સુખદુઃખ નથી, ફક્ત 'હું' છે, એવો પરમ આનંદનો અનુભવ છે.

**૬.<u>પ્રેમ કરોઃ</u>** વાત બહુ સરળ લાગે પણ મુશ્કેલ કામ છે. આ સૂત્ર આરોગ્ય શાખાનું નથી પણ આ તો આધ્યાત્મિકતા છે. હૃદયરોગ થવાના કારણોમાં શરીરની યાંત્રિક ખામીઓ તો છે જ પણ મનની સંકુચિતતા ય બહુ મોટો ભાગ ભજવે છે. આ છેલ્લા સૂત્ર ''પ્રેમ કરો'' ને વિસ્તારવું પડશે. જીવનમાં દુઃખનું કારણ આપણે બાંધેલા વાડા છે. આ મારી ઝુંપડી, મારું ઘર. મારો પૈસો. ''હું'' અને ''મારું''. એ સિવાયની દુનિયા બધી

બહારની, પારકી. આ માનસિક સંકુચિતતાની ઘોલકી જેટલી નાની એટલા દુઃખ વધારે. આપણા ક્ષેત્રની સીમા વિશાળ કરીએ તો સુખી થવાય. મારે ''મારી'' મુક્તિ વિષે વિચારવાને બદલે ''મારાપણા''ના સંકુચિત ખ્યાલમાંથી મુક્તિ મેળવવાની છે. આપણા જેવા સાધારણ માણસો કદાચ અત્યંત ઊંચા આધ્યાત્મિક સ્તરે પહોંચી જ્ઞાન વડે આ મુક્તિ ન મેળવી શકે તો એક સરળ માર્ગ છે—પ્રેમનો પુલ બાંધીને આ જુદાઈની મર્યાદાઓને ઓળંગી જવાનો. બધા સાથે ઐક્ય અનુભવવા માટે પ્રેમ કરવા જેવો સરળ રસ્તો બીજો ક્યો હોઇ શકે?

**<u>પ્રેમ કોને કરવો?</u>**

માણસ અન્ય માણસને તો પ્રેમ કરી જ શકે, પણ જેણે પ્રાણીઓ પાળ્યા છે તે જાણે છે કે માણસના અહંકારને ઓગાળી દે તેવો કાળજી ભર્યો પ્રેમ પશુઓ કરી જાણે છે. એવું જ વૃક્ષનું. આંખો મીંચી વૃક્ષને બાથ ભરો, મુક્તિ દૂર નથી એવું લાગશે. અમેરિકામાં તો એક સમયે પાળેલા પથ્થરનું ઘેલું લાગેલું—(પેટ રોક Pet Rock)—આપણે એમના કરતાં શાણા, વર્ષોથી મૂર્તિ રૂપે પથ્થરને કેટલા લાડ પ્યારથી પૂજીએ! માણસને પ્રેમની કેટલી જરૂર છે! એ પથ્થરથી ય પ્રેમ કરવા તૈયાર છે જે તેને દગો નહીં દે, વિશ્વાસઘાત ન કરે અને પથ્થરની મૂર્તિ તો સદા આશીર્વાદ જ વરસાવતી રહે!

**<u>સક્રિય પ્રેમઃ</u>** ઉપર દર્શાવ્યા તે બધા ભાવનાત્મક પ્રેમ. એમાં મુશ્કેલી એક જ કે આત્મકેન્દ્રિતા આવી શકે. એ પ્રેમ સ્વાંતઃ સુખાય જ થાય. મને સારું લાગે, મારા સુખ માટે હું પ્રેમ કરું. પ્રેમપાત્ર વિષે વિચારવાનું ઓછું બને. પ્રેમનું વધારે શુદ્ધ સ્વરૂપ એટલે સક્રિય પ્રેમ. હું બીજાને તેનું દુઃખ દૂર કરવા માટે, એના



જ સુખ માટે પ્રેમ કરી શકું? સક્રિય પ્રેમ આત્મકેન્દ્રી ન બનાવે. આવો પ્રેમ કોના પર ઢોળવો? ગાંધીજીએ એક સરસ વાત કહી છેઃ ''તારા કોઇ પણ કાર્યથી, છેક છેવાડાના કોઇ વંચિત દુઃખી માણસને કાંઇ ફાયદો થશે કે નહિ તે હંમેશા વિચારજે''. દરેક વ્યક્તિએ આવો એક દીન—હીન માણસ શોધીને એને પ્રેમ કરવો પડશે.

**<u>મને એ માણસ મળ્યો.</u>**

એક સાંજે શોધગ્રામમાં એક ડોશી અને દીકરી આવ્યાં. દીકરીની કાંખમાં(કેડે) ચારેક માસનું ન્યુમોનિયાથી પીડાતું અતિશય નબળું બાળક. હું તપાસીને ઇલાજ કરું તે પહેલાં જ, મારી નજર સામે દવાખાનાની પથારીમાં જ તેણે છેલ્લો શ્વાસ લીધો.

બાઇએ પોતાની વાત કરી ધણી દારૂડિયો, ત્રણ દીકરી થઇને મરી ગઇ આ દીકરો માંડ થયો, માને ધાવણ આવે નહીં, દૂધમાં પાણી નાખી પાતળું બનાવી અસ્વચ્છ બાટલી વડે પાય, બાળકને ઝાડા શરૂ થયા. આરોગ્ય સેવા મળે નહીં. દોરા ધાગા કરવામાં સમય અને પૈસા બરબાદ કર્યા અને બાળકને હાંફચડવા લાગી, ન્યુમોનિયા થઇ ગયો, માંદગી ગંભીર થવા લાગી એટલે મારે ત્યાં આવવા નીકળ્યાં. વચ્ચે નદીમાં પૂરના પાણી તે ઓસરતાં દિવસ આથમ્યે મારા દરવાજે પહોંચ્યા ત્યારે ઘણું મોડું થઇ ગયું. હવે આ બાળક મરી ગયું એના કેટકેટલા કારણો?—દારૂડિયો ધણી, અંધશ્રદ્ધા, ગરીબી, આરોગ્યસેવાનો અભાવ, કુપોષણ, શિક્ષણનો અભાવ....વગેરે. આમ જોઇએ તો આખી શ્રૃંખલા જ છે. પરંતુ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાનના સેનાપતિ જનરલ મૉંટેગોમરીએ કહ્યું છે—કોઇ પણ સાંકળ તોડવા માટે એની માત્ર

એક કડી જ તોડવી જરૂરી છે.

તો જે બનાવોની સાંકળ બાળકના અકાળ મૃત્યુ સુધી પહોંચી તેની કોઈ કડી તોડી શકીશ હું?

આ બાળક અને આવા દુનિયાના બીજા એક કરોડ દસ લાખ બાળકોને—જે દર વર્ષે આ રીતે મરે છે—તેને માટે હું જો કાંઈ કરી શકું તો એ જ મારો સક્રિય પ્રેમ.

ઈહલોકની તમારી આ યાત્રા કેવળ સ્થૂળ, ભૌતિક બાબતોમાં રાચીને મૃત્યુધર્મને પામવા માટે નથી. પ્રત્યેક જીવાત્મા તેના પોતાના શાશ્વત સ્વરૂપને પામવાના—આત્મસાક્ષાત્કાર પામવાના દિવ્ય પ્રારબ્ધ સાથે જ જન્મે છે. તમારું જીવન ઉચ્ચ મૂલ્યો માટે છે, એ શાશ્વત સંદેશને હંમેશ યાદ રાખો. —કઠોપનિષદ્

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# સામૂહિક સાધના, સામૂહિક સમાધિ

**સંત વિનોબાજી**

ઉપનિષદ કહે છે,**પ્રાણો બ્રહ્મેતિ, મનો બ્રહ્મેતિ વિજ્ઞાનં બ્રહ્મેતિ।** તો, જૂના જમાનામાં પણ વિજ્ઞાનની ભૂમિકાનો ખ્યાલ તો હતો જ; પણ એનો માનવ પર તકાદો નહોતો.....વ્યક્તિગત વિકાસ સાધતાં કોઈ માણસ વિજ્ઞાનની ભૂમિકા પર પહોંચી જતો ખરો. એટલું જ નહીં, એ લોકોને એથી આગળની ભૂમિકાની પણ ખબર હતી. પણ સરવાળે તો એ સઘળો વ્યક્તિગત વિકાસનો જ વિચાર હતો. એક માણસ વિજ્ઞાનની ભૂમિકામાં જ રહે અને બાકીના સૌ મનની ભૂમિકામાં જ જીવ્યા કરે, એવી હાલત હતી. આખી ઐચ્છિક આધ્યાત્મિક સાધનાની પ્રક્રિયા હતી અને એમાં એકલદોકલ વ્યક્તિ જ આગળ વધતી.

કોઈ મહાપુરુષ એકલો એકલો જ ઐચ્છિક ધોરણે વિજ્ઞાનની ભૂમિકા પ્રાપ્ત કરે એ હવે આ યુગમાં નથી ચાલવાનું. હવે તો સમગ્ર જનતાને અનિવાર્ય રીતે વિજ્ઞાનની ભૂમિકા પર આવવાનું નાટક કરવું પડશે, અને પોતાની મનોભૂમિકા ભૂલવી પડશે. વિજ્ઞાનનું આહ્‌વાન છે કે જૂના ઋષિઓ વ્યક્તિગત સાધના કરતા હતા, પણ તમે સામૂહિક સાધના કરો. અને ત્યારે જ આ વિજ્ઞાન તમારે માટે કલ્યાણકારી સાબિત થશે, નહીં તો એ તમારો નાશ નોતરશે. આ જાતની સાધનાની વાત આજના જમાનામાં વેદાંત નથી, વ્યવહારની વાતો છે. આજે સંહાર કરવાવાળા શું કરતા હોય છે? હિરોશીમા પર બૉમ્બ નાખ્યો તો

આખેઆખું નગર નાશ પામ્યું—બાળક—વૃદ્ધ, સ્ત્રીપુરુષ, ઢોર—ઢાંખર, ઝાડ—પાન બધું સ્વાહા! આમ હવે સંહાર પણ સામૂહિક થાય છે. એના જવાબમાં આપણે સામૂહિક જીવનની કળા શીખવી જોઇશે. સમૂહમાં વ્યક્તિનું મન સમાઇ જાય એવી અહિંસાની સામૂહિક શક્તિ નિર્માણ કરવી જોઇશે.

જૂના જમાનામાં વિજ્ઞાનની ભૂમિકા પર પહોંચનારો પેલો એકલદોકલ ઋષિ શું કરતો હતો? 'હું અને મારું' છોડતો હતો. એ વેદાંતની ભાષા બોલતો હતો. આ ઘર મારું નથી, આ ખેતર મારું નથી. આ દેહ મારો નથી. એ જ રીતે હવે આપણે સૌએ કહેવું પડશે—આ ઘર, સંપત્તિ, ખેતર કાંઇ જ મારું નથી. આપણું સૌનું સહિયારું છે. આજના આ વિજ્ઞાનયુગમાં અનિવાર્ય રીતે આ કરવું જ પડવાનું છે.

જ્યાં 'મારું' આવે. 'મારું' આવે તો મુક્તિ પણ દૂર ભાગે. મુક્તિનો અર્થ જ એ કે આપણે આપણને ભૂલી જઇએ, અહંકારશૂન્ય થઇ જઇએ અને વિશ્વરૂપ, સમાજરૂપ, ભગવાનમાં લીન થઇ જઇએ. સૌની સેવામાં લીન થઇ જવું, સામૂહિક સાધનામાં ડૂબી જવું—આ વાતનો પહેલો આચાર્ય પ્રહ્લાદ હતો. તે સામૂહિક મુક્તિની કલ્પના કરે છે. દેવો અને મુનિઓ પર પ્રહ્લાદનો આક્ષેપ છે કે તેઓ એકાંતમાં સમાજથી અળગા રહીને પોતાની મુક્તિ ઇચ્છે છે. ભોગ તો સામૂહિક હોવો જોઇએ પણ મુક્તિયે એકલાની ન હોવી જોઇએ. પ્રહ્લાદ તો સ્પષ્ટ કહે છે કે આ દીનજનોને છોડીને હું એકલો મુક્ત થવા નથી માંગતો—**नैतान् विहाय कृपणान् विमुमुक्ष एकः।** ભાગવતની આ અદ્‌ભુત ઉક્તિ છે. કેવળ એકાંત—સેવન, ધ્યાન—ધારણા, ચિંતન—ઉપાસનાથી ભક્તને સમાધાન નથી થતું. એ તો વહેંચવા નીકળી પડે છે. પ્રહ્લાદની આ નીતિ જ આપણે માટે શ્રેષ્ઠ નીતિ છે—બિંદુ સિંધુમાં લીન થઇ જાય છે ત્યારે મહાન બને છે, નાશ નથી પામતું.



સમાધિમાં અનુભવ આવે છે કે બહારથી દેખાતા બધા ભેદ મિથ્યા છે. સૌ કોઇમાં એક જ આત્મા વસે છે. આ અનુભવ કેવળ એક જ વ્યક્તિને નહીં. સૌને આવે, તે છે સામૂહિક સમાધિ. સમાધિનો અર્થ છે સમતા યુક્ત ચિત્ત. જે ચિત્તમાં વિકારનો સ્પર્શ નહીં, અહંતા—મમતા નહીં, સંકુચિત અભિમાન નહીં, આવા પ્રકારનું અન્નમય—પ્રાણમય—મનોમય ભૂમિકાથી ઉપર ઊઠેલું વિજ્ઞાનમય ચિત્ત હોય, તેનું નામ સમાધિ. આખો સમાજ આવી સમાધિ પ્રાપ્ત કરે અથવા તો સૌ કોઇ નાશ પામે આ બે જ વિકલ્પ વિજ્ઞાને આજે માનવજાતિ સમક્ષ ધરી દીધા છે.

ભારતની અધ્યાત્મ—સાધનામાં 'હું' ને કાપીને 'તું' સુધી **तत्त्वमसि** સુધી પહોંચવાનો પ્રયાસ છે, પણ એમાં વચ્ચે આવતા 'આપણે'ને ધ્યાન જ નથી લેતાં. **तत्त्वमसि** ધ્રુવતારો છે. ધ્રુવતારો દિશા ચીંધે છે. પરંતુ ત્યાં પહોંચવા માટે ચાલવું પડશે. 'હું'માંથી 'આપણે' બનીશું ત્યારે 'હું' કપાશે ને 'તું' સિદ્ધ થશે.

સાધના સામૂહિક થવી જોઇએ. એનો અર્થ એ કે સામૂહિક જીવન જ જીવન છે. વ્યક્તિનું જીવન, જેટલા અર્થમાં સમાજનો હિસ્સો હોય, તેટલા જ અર્થમાં તે જીવન છે, એમ માનવું પડશે. એટલા માટે આપણો દરેક સદ્‌ગુણ સામાજિક હોવો જોઇએ. જે ગુણનું સામાજિક મૂલ્ય નથી નિર્માણ થતું તે અંતે દોષ બની જાય

છે. ભારતમાં આવું અધિક પ્રમાણમાં થયું. આપણા દેશમાં અનેક સાધુપુરુષોએ તપ કર્યું, ધ્યાન કર્યું. પરંતુ સમાજનું ઋણ ચડાવીને પણ તેમણે સમાજની સેવા ન કરી. તેથી ધ્યાનયોગીના ધ્યાનને સામાજિક મૂલ્ય ન મળ્યું.

બંગાળમાં જે સરોવરને કાંઠે રામકૃષ્ણ પરમહંસને સમાધિ લાગી હતી તે જ સ્થળે મને સામૂહિક સમાધિના વિચારની સ્ફૂરણા થઈ. પ્રયોગ સફળ થયા? મારી આસપાસની દુનિયા બધી તપ્ત અને અશાંત હોય અને સમાધિનું સુખ હું એકલો માણું તો હું સ્વાર્થી જ કહેવાઉં ને? એટલે જો સમાધિમાં સુખ છે તો તેમાં સૌને ભેળવવા જોઈએ.

બંગાળમાં મેં કહ્યું તું કે રામકૃષ્ણ દેવને જે સમાધિ મળી હતી તેના પર તેમનો માલિકી હક નથી. એ સમાધિ હું સૌમાં વહેચવા માગું છું. હું ઈચ્છું કે સમાધિ વ્યક્તિગત ન રહે, સમાજની થઈ જાય. સમાધિનો અર્થ શો? સમાધિ એટલે પૂર્ણ સમાધાન, પરમ શાંતિ. પૂર્ણ સમાધાન બધાં ઈચ્છે છે. પરંતુ તેમને તે મળતું નથી. અવિદ્યા અડંગો લગાવે છે અને પરિસ્થિતિ પણ કંઈક અંશે પ્રતિકૂળ રહે છે. આ બધાનું આપણે નિરસન કરવાનું છે.

મૂડીવાદી સમાજમાં એક ઠેકાણે મૂડીનો ઢગલો થાય છે. તે જ મૂડી જો ઘેર ઘેર વહેંચાઈ જાય તો સમાજનું કલ્યાણ થાય. તે જ રીતે વ્યક્તિગત સમાધિથી માર્ગદર્શન તો મળે છે, પણ એ સમાધિ જો સામાજિક થઈ જાય તો આખા સમાજને લાભ થશે, સમાજ ઊંચે ચઢશે. રામકૃષ્ણ પરમહંસથી સોનાનો સ્પર્શ વેઠાતો ન હતો. તેઓ સંગ્રહને પાપ માનતા તેથી તેમને વેદના થતી. મહાપુરુષોનાં જીવનના અનુભવોને સામાજિક રૂપ આપવું એ જ



આપણા જેવા સેવકોનું કામ છે. રામકૃષ્ણ પરમહંસે આપણને શીખવ્યું કે કલેશરહિત સમાધિ કઈ રીતે લાગી શકે? કાંચનના સંગ્રહથી ઊપજતી પીડામાંથી આપણે કઈ રીતે બચી શકીએ. સમાધિમાં કોઈ જાતનો કલેશ ન રહેવો જોઈએ. આજે દુનિયા આખીમાં જાતજાતના કજિયા–કંકાસ અને અથડામણો ચાલી રહ્યાં છે. એ કજિયા અને ઝઘડામાંથી છૂટીશું તો સામાજિક સમાધિનું સમાધાન આપણને મળી શકશે.

સમાધિમાં અત્યંત સમત્વ હોય છે. આપણે સામાજિક સમાધિ સાધવી છે અને અભેદ પર સમાજની રચના કરવી છે. આજનો સમાજ અભેદ તત્ત્વ પર ઊભો નથી. અભેદ અને અદ્વૈતમાં માનનારા કેટલાક લોકો સમાજમાં છે. તેમનું પણ કહેવું છે કે અભેદ અને અદ્વૈત કેવળ શાબ્દિક વસ્તુ રહી જાય છે. જીવનની સાથે એનો સંબંધ નથી બનતો. વ્યવહારમાં અદ્વૈતની સ્થાપના કરવાની હિંમત આપણે સૌએ કરવી જોઈએ.

રામકૃષ્ણ પરમહંસની વિદ્યા અદ્વૈતની હતી. આખું જગત તેમને આત્મસ્વરૂપ લાગતું હતું. તેઓ કહેતા કે જ્યાં જુઓ ત્યાં પરમેશ્વર જ છે. તે સર્વત્ર પ્રગટ છે. ક્યાંય પણ અપ્રગટ હોય તો તે આપણા ચિત્તમાં. ત્યાં એની સ્થાપના કરી દઈએ તો બાકી દુનિયામાં પ્રગટ છે જ.

રામકૃષ્ણના સ્થાન પર મેં સામૂહિક સમાધિની વાત કરી તો લોકો એ સાંભળી ખુશ થયા. આમ જુઓ તો સમાધિનો વિષય કાંઈ સહેલો નથી. છતાંયે લોકો એ વિચારને અનુકૂળ બને છે. એનો અર્થ એ કે માનવસભ્યતા આજે એ સ્થાને આવી પહોંચી છે જ્યાં સામાન્ય માણસોને પણ એનો કંઈક ને કંઈક અનુભવ

થાય છે અને તેને કારણે એ વિચાર સમજી લે છે. સમાજિક ચેતના (સોશિયલ કોન્શિયન્સ)માં જ આ વાત આવી ગઇ છે.

જ્ઞાનદેવે ગાયું છે, 'હે ભગવાન! હું તને સૌનાં નેત્રોથી જોઉં, સૌના કાને તને સુણું, દુનિયામાં જે મૂર્તિઓ ખડી છે, તે સૌમાં તારું રૂપ નિહાળું, સૌને પગે તારે પંથે વિચરણ કરું, પોતાના પગે તો ચાલું જ છું, પણ સૌનાં ચરણે ચાલું.' એ જે ભાવના એમાં વ્યક્ત થઇ છે તે મારામાં કામ કરી રહી છે. મારે વ્યક્તિગત શોધ નથી કરવી. ૧૯૧૬માં હું अथातो ब्रह्म जिज्ञासा ઘર છોડી નીકળી પડ્યો હતો. મારી એ ભાવના હવે શાંત થઇ ગઇ છે. હવે વ્યક્તિગત રીતે એ વાત નથી કરવી. બલ્કે સમુદાયની રીતે સત્યની શોધ કરવી છે. મારો ઉદ્દેશ છે, સામૂહિક સમાધિ.

સામૂહિક રીતે આધ્યાત્મિક વિચારની કલ્પના આપણે ઓછી કરીએ છીએ. પહેલાં વ્યક્તિગત પ્રયોગ થાય એ ઠીક છે. પરંતુ હવે સમૂહરૂપે એક દર્શન મેળવવાનો જમાનો આવ્યો છે. અને એ દર્શન થઇ શકે તેવી આજે હાલત છે. વિજ્ઞાનને લીધે આજે સમૂહ બુદ્ધિ બની છે. દુનિયામાં સજ્જનતા હવે એકાકી રહે એવું કોઇ કારણ નથી. સજ્જનતા સમૂહરૂપે પ્રગટ થવાના દિવસો હવે આવી પહોંચ્યા છે. દુર્જનતા સમૂગરૂપે પ્રગટ થાય જ છે. પરંતુ સજ્જનતા આજ સુધી વ્યક્તિગત રૂપે પ્રગટ થઇ હતી. આ સંધિકાળ છે. તેથી થોડો સમય દુર્જનતાનું જોર ચાલશે. પરંતુ આગળ જતાં સજ્જનતાનો ફેલાવો સરળ થશે. જેના જીવનમાં સજ્જનતા હશે, તેની વાણીમાં શક્તિ આવશે.

હું માનું છું કે હવે પછી આધ્યાત્મિકતાને માટે, સામૂહિક



સમાધિ માટે લોકમાનસ તૈયાર છે. તેથી આપણો રસ્તો મોકળો છે. સક્રિય સમાજસેવાને આપણે આધ્યાત્મિક રૂપ આપવા ઇચ્છીએ, ભગવદર્પણ કરવા ઇચ્છીએ. આની થોડી શરૂઆત ભક્તોએ કરી હતી. પણ એમણે સમાજસેવાના સ્થૂળ રૂપને ન અપનાવ્યું. કારણ, એ જમાનામાં સમાજસેવાની એટલી સગવડ ન હતી. તેથી તેઓ ભાવદર્શન કરી ચૂપ રહ્યાં. હવે આપણે સ્થૂળ જીવનનું કાર્ય પણ લેવું પડે છે અને તેનું રૂપ કેવું હોય તે પણ કહેવું પડે છે. જૂના ભક્તોએ એ ન કર્યું. પણ એટલું જાહેર કર્યું કે ભક્તોના સમૂહમાં જે મળશે તે એકાંતમાં ધ્યાન કરનાર યોગીને નહીં મળે.

હવે એની સાથે એ વિચાર જોડવો પડશે કે ઇહલોકની પ્રગતિ સારુ સમૂહરૂપ સાધના જરૂરી છે. વિજ્ઞાન સાથે આપણે આ કામ કરવાનું છે. વિજ્ઞાન અને અધ્યાત્મ એક થઇ જાય તો આપણે ઇચ્છીએ છીએ તે શક્તિ પેદા થશે.

જગતમાં સત્સંગના કરતાં વધારે પવિત્ર કશું છે જ નહિ, કારણ કે એકલા સત્સંગથી જ શુભ સંસ્કારોને જાગ્રત કરવાનો ઉત્તમોત્તમ સુયોગ પ્રાપ્ત થાય છે.

એ જ રીતે આપણા મનની અંદર ધર્મના જે સંસ્કારો પડી રહેલા છે તેને વિશેષ રૂપે ઉત્તેજિત કરવામાં અમુક પવિત્ર મંત્રનો પુનઃ પુનઃ ઉચ્ચાર કરવાથી બહુ જ સહાયતા મળે છે.

—સ્વામી વિવેકાનંદ

# ગુરુદેવના અદ્ભુત અનુભવો

કુમુદચંદ્ર ત્રિવેદી

(સ્નેહી શ્રી કુમુદચંદ્ર ત્રિવેદીનો સ્વર્ગવાસ તા. ૧૦–૦૮–૦૯ના રોજ રાત્રે અમદાવાદ ખાતે થયો. તેમનું વય ૮૮ વર્ષનું હતું. તેઓ વ્યવસાયે શિક્ષક હતા. પહેલાં તેઓ આફ્રિકામાં ને પછી ઈંગ્લેન્ડમાં રહ્યા. નિવૃત્ત થયા પછી કાયમ માટેનો વસવાટ તેઓએ અમદાવાદ ખાતે કર્યો.

વધતી ઉંમરની સાથે આવતી સાહજીક શારીરિક અશક્તિ સિવાય તેમને ખાસ કોઈ બીમારી ન હતી. છેલ્લા બે દિવસ કફની તકલીફ હતી એટલું જ. જેનો ઈલાજ ચાલી રહ્યો હતો.

શ્રી કુમુદચંદ્ર–અમદાવાદ ખાતે પૂ.શ્રીએ સત્યપથ લીધું, તેમાં પ્રારંભથી જ સંકળાયેલા. તેઓ સ્વભાવે શાંત ને મૃદુભાષી. દિલના નિખાલસ, ખૂબ સરળ, પ્રેમાળ અને ઉદાર, તો ખૂબ શિસ્તબદ્ધ પણ. તેમના આ ગુણને લીધે જ, તેઓ પૂ.શ્રી યોગેશ્વરજી અને મા શ્રી સર્વેશ્વરીનો વિશ્વાસ સંપાદન કરી તેઓની નજીક આવી શકેલા.

પૂ.યોગેશ્વરજી અને પૂ.મામાં તેઓની ખૂબ શ્રદ્ધા ને નિષ્ઠા હોવાને લીધે જ તેઓ ગમે તેવી શારીરિક તકલીફો વચ્ચે પણ દર રવિવારે સત્યપથના દર્શને આવતા જ. આ નિયમ તેઓએ વર્ષો સુધી એકધારો પાળ્યો. એની પ્રતીતિ જ એ વાત પરથી થાય છે કે શરીર છોડ્યું તેના બે દિવસ પહેલાં તા. ૯/૮/૦૯નો રવિવારના દિવસે પણ તેઓને સત્યપથના દર્શને તેમના ભત્રીજા સ્કુટર પર લાવેલા.



એ સાચું કે તેમના પત્નીના સ્વર્ગવાસ પછી, કોઈ સંતાન ન હોવાને લીધે તેમનું જીવન એકાકી બનેલું. પરંતુ તેઓએ પોતાના સગાંઓની સાથે જે આત્મીયતા જાળવેલી તેને પરિણામે તેમની સારસંભાળ તેઓ ખૂબ સાચી રીતે રાખતા.

આસક્તિ અને મમત્વ રહિત એવા શ્રી કુમુદચંદ્રની સદ્ગતિ જ હોય, તેમને શાંતિ જ હોય એથી એમને શ્રદ્ધાંજલિરૂપે– લગભગ ૨૫ વર્ષ ઉપર તેઓએ "શ્રીગુરુકૃપાના અદ્ભુત અનુભવો" લખેલા, તે આજેય વાંચકોને એટલા જ પ્રેરણાસ્પદ હોઈ અત્રે રજુ કરીએ છીએ. સૌને તે ગમશે.**–તંત્રી**)

અમે આફ્રિકાથી ભારત આવ્યા ત્યાં સુધી અમારા જીવનમાં કોઈ આધ્યાત્મિક પુરુષે પ્રવેશ જ નહિ કરેલો. સાચું પૂછો તો જીવનના એ ક્ષેત્રથી અમે સાવ કોરાં જ રહેલાં. પરંતુ કોઈ વ્યક્તિના જીવનમાં પ્રભુ કેવી રીતે પરિવર્તન લાવે છે, તેની કંઈ જ ખબર પડતી નથી. અમારા જીવનમાં પણ એવું બન્યું.

ભારતમાં આવ્યા પછી ૧૯૭૧માં અમારે અમારા એક સ્નેહીને ત્યાં રાજકોટ જવાનું થયું. એમને ત્યાં પોતાની લાયબ્રેરી જેવું હતું. એમનાં પુસ્તકો જોતાં, સહજ રીતે અમારું ધ્યાન સ્વામી વિવેકાનંદ શતાબ્દી નિમિત્તે પ્રસિદ્ધ થયેલી ગ્રંથમાળા ઉપર પડ્યું. અને એમાંથી અમે પરમહંસ શ્રી રામકૃષ્ણ દેવના જીવનનો પ્રથમભાગ લીધો. એ વાંચતાં જ રામકૃષ્ણદેવ પ્રત્યે ભાવ ને પ્રેમ પ્રકટ્યાં. અત્યારસુધીના જીવનમાં કોઈ ગુરુ કર્યા ન હતા. એટલે મનમાં થયુ પણ ખરું કે આપણને આવા કોઈ ગુરુ મળે ખરાં?

મારા અને મારી પત્નીના આંતર મનમાં આ વિચાર સતત

ચાલ્યા કરતો. તે અરસામાં એક દિવસ સાંજે અમે ફરવા નીકળ્યાં. જોયું કે સંઘવી હાઇસ્કૂલમાં શ્રીયોગેશ્વરનું પ્રવચન હતું. કુતૂહલવશ અમે એક છેડે ઊભાં રહી એ પ્રવચન સાંભળ્યું, સાંભળતાં જ અમારા મન ઉપર એની ભારે અસર પડી. પછી તો પૂ.શ્રી યોગેશ્વરજીનાં બધાં જ પ્રવચનો સાંભળ્યાં. ખૂબ ગમ્યાં. એમની શાંત પ્રકૃતિ અને પરંપરાગત ત્યાગી ભગવા વસ્ત્રો સિવાયનાં સ્વચ્છ ખાદીનાં વસ્ત્રો, અસ્ખલિત સુંદર છતાં સરળ વાક્છટા, અને આત્મિક અનુભૂતિના પ્રસંગોનો ક્યાંક ક્યાંક ઉલ્લેખ—અમને આકર્ષી રહ્યાં. પરંતુ તેઓશ્રીનો વ્યક્તિગત અંગત પરિચય જરાય નહિ.

તે પછી અમદાવાદની શિબિર હતી. એટલે જીજ્ઞાસાવૃત્તિથી અમે પણ જોડાયાં. તે વખતે શિબિરના આયોજનમાં મદદ પેટે મેં રૂા.૧૦૧ આપેલા. ત્યાં એક દિવસ રાત્રે મારાં પત્નીને પૂ.શ્રી યોગેશ્વરજીએ સ્વપ્નમાં દર્શન આપી કહ્યું, "શિબિરને મદદ કરો. તમારી સંપત્તિને શું કરશો?" મારાં પત્નીએ બીજે દિવસે મને આ વાત કરી. મેં એમને કહ્યું, "તમે એવા વિચાર કરતાં હશો, એટલે આવું સ્વપ્ન આવ્યું." મારો આ ખુલાસો તે વખતે મારા પત્નીએ સ્વીકારી લીધો. પરંતુ બન્યું એવું કે બીજા દિવસે પણ પૂ.શ્રીએ સ્વપ્નમાં આવી એ જ વાત દોહરાવી. જ્યારે પત્નીએ મને બીજી સવારે આ વાત કરી ત્યારે મને થયું કે પૂ.મહાત્માજી પોતાએ વિશેષ શક્તિથી સત્કર્મમાં સહાયરૂપ થવા અમને પ્રેરણા આપી રહ્યા છે. આથી મેં તેજ દિવસે રૂા.૯૦૦/—નો બીજો ચેક શ્રી બાબુભાઇને આપી દીધો. શિબિરમાં જોડાવાના પરિણામે અમને ઘણો લાભ થયો. અમારામાં આધ્યાત્મિક સમજ



આવી એટલું જ નહિ, પરંતુ વ્યક્તિગત સાધના પણ કેમ કરી શકાય, તેનો થોડો ખ્યાલ આવ્યો. અમારા માટે જીવનનું આ નવું ક્ષેત્ર હતું. છતાં વર્ષોથી વહેલા ઊઠવાની મારી ટેવને લીધે મને એમાં રસ પડવા લાગ્યો. અને અમને સહજ રીતે એમનામાં ગુરુભાવ થયો. આમ છતાં પૂ.શ્રી યોગેશ્વરજીનો મને વ્યક્તિગત કોઇ પરિચય અત્યાર સુધી થયો ન હતો. પૂ.શ્રી મને નામથી ઓળખતા એટલું જ.

પૂ.શ્રી માંદગીમાંથી સાજા થયા પછી અમદાવાદના વસવાટ દરમ્યાન અને ખાસ કરી શ્રી નંદુભાઇ ચાવાલાને ત્યાં પૂ.શ્રી નો ઉતારો હતો ત્યારે પૂ.શ્રીની વધુ નજીક આવવાનું બન્યું. જેમ જેમ અમારો પરસ્પરનો પરિચય વધતો ગયો તેમ તેમ અમને પૂ.શ્રી પ્રત્યે વિશેષ ખેંચાણ થવા વાગ્યું. મનમાં એક એવી પણ ભાવના થઇ કે પૂ.શ્રી અમારે ત્યાં પધારે તો તેવું સારું!

સાચા મહાપુરુષોની એક વિશેષતા હોય છે કે તેઓ બહારની વાણીના વ્યવહાર કરતાં, અંતરના ભાવોને જલ્દી પામી જતા હોય છે. પ્રભુએ અમારી એ ભાવના ૧૯૮૩માં પૂરી કરી. પૂ.શ્રી ને પૂ. માશ્રી સર્વેશ્વરી સામે ચાલીને અમારે ત્યાં આવ્યાં, એટલું જ નહિ, પરંતુ ૧૯૮૩ની સાલ ગુરુપૂર્ણિમાના આગલા દિવસે અમારે ત્યાં મુકામ કર્યો અને ગુરુપૂર્ણિમાની સવારે સૌથી પહેલું પૂજન કરવાનો લાભ અમોને આપ્યો. અમે તે દિવસે જીવનની ખરી ધન્યતા અનુભવી. લાગ્યુ પણ ખરું કે મહાપુરુષો દિલના નિર્મળ ભાવોને કેવી સહજ રીતે પામી જતા હોય છે! ૧૯૮૩ની ગુરુપૂર્ણિમાની એ ઉજવણી પૂ.શ્રીની હયાતી દરમ્યાનની છેલ્લી ઉજવણી બની રહેશે, તેની ત્યારે કલ્પના પણ

શી રીતે આવી શકે?

એ પછી પૂ.શ્રીએ જ્યારે 'સત્યપથ' ખરીદ્યું, ત્યારે તો તેઓની વિશેષ નજીક આવવાનું બન્યું. પૂ.શ્રી મારામાં જે વિશ્વાસ મૂકતા અને જવાબદારી ભરેલ કામો કશાય સંકોચ વગર જે રીતે સોંપતા, તે જોઇ મનેય ઘણીવાર આશ્ચર્ય થતું. પૂ.શ્રીની માણસ પારખવાની અદ્‌ભુત શક્તિઓનો પરિચય મને ત્યારે થયો.

અમારે બેત્રણ વર્ષ માટે પરદેશ જવાનો વિચાર હતો. આ માટે પરદેશથી મિત્રોના પત્રો પણ આવતા. મનમાં એવી પણ ગણત્રી હતી કે તે દરમ્યાન પૂ.શ્રી પણ પરદેશ આવશે તો તેઓના સાન્નિધ્ય ને સત્સંગનો લાભ પરદેશની ધરતી ઉપર પણ મળશે. આથી મેં પૂ.શ્રીને અમારા પરદેશ ગમન માટેના વિચારની વાત એક દિવસ કરી. પૂ.શ્રીએ તે વાત ત્યારે સાંભળી લીધી. મને કોઇ જવાબ આપ્યો નહિ. એટલે મને મનમાં થોડી મૂંઝવણ થતી. અમારી ભાવના એવી હતી કે પૂ.શ્રીના આશીર્વાદ લઇ પરદેશ જવું. પરંતુ પૂ.શ્રીએ તો તાત્કાલિક કોઇ પ્રતિભાવ ન દર્શાવ્યો, એટલે ફરી પૂછવા માટે વિચાર થતો. પરંતુ એમ કરવા મારું સંકોચશીલ હૃદય ના પાડતું. આખરે એક દિવસે સાંજે પૂ.શ્રીએ કહ્યું. 'પરદેશ જવું હોય તો જાઓ, પણ તમારે માટે સારું નહિ રહે. હા, તમારા જવાથી તમારા મિત્રોનાં કામ થશે. પરંતુ વ્યક્તિગત રીતે તમારે માટે આ પ્રવાસ સુખ કે શાંતિદાયક નહિ નીવડે. વળી અકસ્માતનો ભય ખરો, પરંતુ અમે તમારું રક્ષણ કરીશું.'



પૂ.શ્રીની આ નિખાલસ છતાં ઉત્સાહ મંદ પડી જાય એવી વાત સાંભળી, મને વ્યક્તિગત રીતે બહુ ઉત્સુકતા ન રહી. છતાં બધી જ વ્યવસ્થા થઇ ચૂકી હતી, એટલે કંઇક કચવાતા મને અમે ૧૯મી સપ્ટે. ૧૯૮૩ના રોજ ઇંગ્લેન્ડ જવા ભારત છોડ્યું.

પરદેશ ગયા પછી પૂ.શ્રીની આગાહી પ્રમાણે મને શારીરિક રીતે મઝા ન લાગતી, તેમ જ માનસિક શાન્તિનો અનુભવ પણ હું ન કરી શક્તો. આમ છતાં હું જોતો કે મારા આગમનથી મારા મિત્રોનાં કામો અણધારી રીતે ઉકેલી જતાં ને તેઓને બધી જ રીતે ફાયદો થતો.

એવામાં તા.૨૪મી ડીસેમ્બરે—એટલે નાતાલની આગલી રાતે—અમારા એક મિત્રને ત્યાં ભોજન લેવા ગયેલા. તેમને ત્યાં ઘણું બેઠા પછી અમે મોડી રાતે અમારા રહેઠાણ ઉપર આવવા મોટરમાં નીકળ્યા. ઇંગ્લેન્ડમાં લોકો આ દિવસે ખૂબ દારૂ પીતા હોય છે અને ઘણા બધા અકસ્માતમાં મરતા પણ હોય છે. અમારી ગાડી યોગ્ય ગતિએ જઇ રહી હતી ત્યાં અમે સામેથી એક ગાડી પૂરઝડપે આવતી જોઇ એટલું જ નહિ પણ એનો સંચાલક પીધેલી હાલતમાં હોય એમ ગાડીની ગતિ સાથે અચૂક ભટકાશે એવી દહેશતથી અમે ઘડીભર આંખો મીંચી દીધી ને ગુરુદેવને યાદ કર્યા. પરંતુ એકાદ મિનિટમાં જ અમારા સહુના આશ્ચર્ય વચ્ચે, તે ગાડી અમારી ગાડીને સહેજ ઘીસરકો મારીને પૂરઝડપે આગળ નીકળી ગઇ!

હવે અમારા જીવમાં જીવ આવ્યો. તુરત પૂ.શ્રી ગુરુદેવના શબ્દો યાદ આવ્યા—''ચિંતા ન કરતા, અમે તમારું રક્ષણ

કરીશું.''

તે પછી બીજી આફતકારક ઘટના ૧૧–જાન્યુ. ૮૪ ના રોજ બની. અમે ઈસ્ટ લંડનના અમારા એક મિત્રના ફ્લેટની નીચેના ભાગમાં એ મિત્રનો મોટો સ્ટોર હતો. અમને આ સ્થાનમાં રહેવા આવ્યે દોઢેક માસ થયો હશે, ત્યારે આ ઘટના બની.

અમારા આ ફ્લેટમાં ત્રણેક રૂમ હતા, એમાંના બેડરૂમમાં હું અને મારાં પત્ની સૂતાં હતાં. રાત્રે બાર વાગ્યાનો સમય થયો હશે. અમે બન્ને તો ભર ઊંઘમાં હતાં, ત્યાં અચાનક બારને ટકોરે બારણા ઉપર ટકોરા સંભળાણા. અમને નવાઈ લાગી. નીચેથી ઉપર આવવાનો મુખ્ય દરવાજો તો રાત્રે અમે બંધ કરેલો હતો. તો પછી આ રીતે ઉપર કોઈ શી રીતે આવી શક્યું હશે એવા આશ્ચર્ય વચ્ચે અમે પૃચ્છા કરી બારણું ઉઘાડ્યું. તો બે અંગ્રેજ પોલિસ અધિકારીઓને સામે ઊભેલા જોયા. એમણે નમ્રતાપૂર્વક કહ્યું, માફ કરજો, પરંતુ તમારો આ મેઈન દરવાજો ને ઉપરના બીજા દરવાજા તૂટેલા જોયા. એટલે અમે અમારી ફરજ ઉપરથી ઘરે જઈ રહ્યા હતા. આ વિસ્તાર અમારી ફરજમાં આવતો નથી, છતાં અમને થયું ''જોઈએ, અહીં શું બન્યું છે? એટલે આપને જગાડ્યા. પ્રભુકૃપાથી તમે બચી ગયા છો. આ વિસ્તાર તમારા જેવા માણસો માટે રહેવા જેવો નથી.''

અમે કહ્યું ''અમે ભારતથી આવીએ છીએ. આ ઘર અમારા મિત્રનું છે. નીચે એમનો સ્ટોર છે, એટલે એમાંથી શું ગયું છે, એની અમને કઈ ખબર શી રીતે પડે? અમારા એ મિત્ર તો દૂર રહે છે. એથી એમને બોલાવીએ તો જ સાચી હકીકત જાણી



શકાય.'' એમણે અમારા આશ્ચર્ય વચ્ચે નીચે જઈ અમારા એ મિત્રને ટેલિફોન કરી ઉઠાડ્યા અને જલ્દીથી સ્ટોર ઉપર આવવા કહ્યું. વળી અમારો મુખ્ય દરવાજો તૂટેલો હતો એટલે અમને કોઈ ભય ન લાગે, તે માટે નજીકના પોલિસ સ્ટેશને વાયરલેસથી ખબર આપી, ચોકીનો બંદોબસ્ત કરતા આવ્યા. મેં એમનો આભાર માન્યો. મેં અજાણ્યા એ અંગ્રેજ પોલિસ અધિકારીઓ પાસેથી આટલી બધી મદદની આશા રાખી ન હતી. મને એ દેવદૂતસમા લાગ્યા.

આ પછી અમારા મિત્રની રાહ અમારે જોવાની હતી. એમનું ઘર દોઢેક કલાકના અંતરે હતું, એટલે મેં મારાં પત્નીને કોફી બનાવવા કહ્યું. એમણે સૂચવ્યું ''તો પેલા પોલિસ અમલદારોને પણ બોલાવાને!'' મને પણ એમના સદ્‌વર્તન, અને અણકલ્પેલી સહાય પહોંચાડવા બદલ એમના પ્રત્યે ઘણો આદર થયેલો. એટલે તુરત મેં નીચે જઈને આખે રસ્તે જોયું. પરંતુ તેઓ ક્યાંય જણાયા જ નહિ. ઘડીભર મને આશ્ચર્ય થયું. કારણ કે એમને નીચે ઉતર્યે ભાગ્યે જ એકાદ મિનિટ થઈ હશે.

મેં મારા પત્નીને આવીને કહ્યું. ''તેઓ તો ક્યાંય જણાયા નહિ. મારી વાત સાંભળી એમનેય આશ્ચર્ય થયું''

પછી કોફી પીતાં પીતાં અમે પૂ.યોગેશ્વરજીના શબ્દો યાદ કરી રહ્યાં ''અમે તમારું રક્ષણ કરીશું.'' એમણે ખરેખર અદ્‌ભુત રીતે અમારી રક્ષા કરી. બાકી આવા અજાણ્યા પ્રદેશમાં અડધી રાતે કોણ સહાય કરે!

# પ. પૂ. માની નિત્યનોંધ

**-મા સર્વેશ્વરી**

### તા. ૨૯/૧૧/૦૭ મહાબળેશ્વર

ભગવાન શંકર અહીં મહાબળેશ્વરના પવિત્ર નામ સાથે પ્રસિદ્ધિ પામ્યા છે. પ્રાચીન કાળથી તેઓ અહીં નિવાસ કરે છે. મહાબળેશ્વરનો વનપ્રદેશ એમને પણ પ્રિય લાગ્યો છે.

પ્રવાસીઓ અહીં પ્રાકૃતિક સૌંદર્ય માણવા આવે છે. વનપ્રદેશ વિવિધ વૃક્ષો સાથે જગતની સેવા માટે સજ્જ થયો છે.

વનપ્રદેશનું પ્રાકૃતિક સૌંદર્ય સંસાર ભૂલાવે તેવું છે. પ્રેમ ને સંપ, નમ્રતા અને મૌનનું એ પ્રેરક ગીત ગાતું રહે છે. વૃક્ષદેવતાઓ એક જ ધરતી ઉપર ઊભા છે. દરેકની વિવિધ કક્ષા છે. કેટલાકની સરસ માવજત તો કેટલાકની ઉપેક્ષા, કેટલાક કાંટા ધરે. એમાંથી કોઈકને આગ લાગે કે અગ્નિમાં સ્વાહા પણ થઈ જાય છે. વિવિધતા અને વિચિત્રતા સાથે સૌ એમની પાસેથી પસાર થનારા પ્રવાસીઓની, પ્રેમીઓની, વેપારીઓની કે વનવાસીઓની વાતો સાંભળે છે. છતાં તેઓ એકબીજાને તેની ચાડી નથી ખાતા. કેવા નિર્લેપ! વિવિધ પ્રકારના સૌ વૃક્ષો પણ પ્રેમ ને સંપના પાઠ માનવમાત્રને ધરી રહ્યા છે. અને પાછાં સૌ મૌન ધારે છે. વૃક્ષોની વનરાજીને માણીને પ્રસન્ન થતા દર્શકો પાસે કદી માંગણી કરતા નથી કે અમે તમને પ્રસન્નતા ધરી છે. લાવો ટેક્ષ કે કરો અમારું સન્માન.

મૌન, મૌન અને મૌન. જાણે પોતાના સર્જકના અનંત ઉપકારોનું સ્મરણ કરતા કરતા જાણે મૌન આરતી ઉતારી રહ્યાં



છે. પોતાનું જીવન દરેક પ્રવાસીની પ્રસન્નતાની પાત્ર બનાવીને શ્રી હરિએ જાણે વિશેષ કૃપા કરી છે. એ કૃપા સામે અહોભાવ સાથે મૌનથી જાણે સતત શ્રી હરિનો આભાર માની રહ્યાં છે.

વૃક્ષો કદી ભૂખ લાગી છે કે તરસ લાગી છે કે બીજે ફરવા જવું છે એવા કોઈ પ્રલાપો કે પોકારો પાડતાં નથી. ત્રિતાપે તપેલાને છાંયડી ધરીને કદી અહંકારથી નથી થતા ઉન્મત.

કેટકેટલું આ મહાબળેશ્વરની વનરાજી પ્રેરક ભાથુ બંધાવી રહી છે. આ બધા માત્ર જગતના આદર્શ રાહબર જેવા છે. જે સતત મૌન ધરી ઊભા છે.

સૈહ્યાદ્રિ પર્વતની આ હારમાળા પણ મૌન. આ પર્વત ઉપરનાં સરોવરો પણ મૌન. વૃક્ષો પણ મૌન. આ ધરતી પણ મૌન. સૂર્યનારાયણ પણ મૌન. ચંદ્ર નારાયણ પણ મૌન.

અરે, આ નિવાસની વિજળીની બત્તીઓ પણ મૌન. આ પલંગ કે ટેબલ બેગ કે ગાદલુ. અરે, આ દેહની સેવા કરતાં વસ્ત્રો કે ડોલ કે આ બારી કે બારણાં સૌ મૌન, મૌન અને મૌન.

જાણે માને સૌ મૌનનું મહિમ્નસ્તોત્ર સંભળાવી રહ્યા છે. કહી રહ્યા છે, મા આપનું મૌન અમને પણ ખૂબ ગમે છે. એ મૌનને આપની પાસે જ રાખજો. તરછોડશો ના. અનંતની યાત્રામાં આ મૌન ભલે આપનો સનાતન સંગાથી બને.

અરે, આ બ્રહ્માંડમાં સૌથી શ્રેષ્ઠ મૌનવ્રતી પરબ્રહ્મ પરમાત્મા મૌન રહી સૌને સર્જી રહ્યા છે, સંરક્ષી રહ્યા છે. સૌની સતત સેવા કરી રહ્યા છે. સૌની સાથે ઊભા છે. હે મૌનવ્રતી પરમાત્મા, આપના એ સ્વરૂપને અમારા લક્ષકોટી પ્રણામ.

આજે તો વિશ્રામ દિન—ગઈ કાલે પદયાત્રા થઈ તો આજે

પરિશ્રમ કહે મને પણ મંચ આપો.

માળા તો ૩૩૪ થઇ ગઇ છે. સામેના વનવિસ્તારમાં ખૂબ ધૂમાડો શરૂ થયો છે. લાગે છે કે આગ લાગી હશે. લગભગ અડધો કલાક એ ધૂમાડો સતત આકાશ ભણી ગતિ કરતો રહ્યો. તે જોતાં મા પ્રાર્થના કરે છે કે હે હરિ, આ જો આગ હોય તો તેને શાંત કરવા કોઇકને પ્રેરણા આપો. વળી ધૂમાડો જોતાં જાણે તે ધૂમાડો કહી રહ્યો છે સાધકે આવા હળવા રહીને હરિ તરફ દોડ લગાવવી જોઇએ.

આજે જરૂરી ૩,૪ ફોન થયા છે. મુંબઇ શ્રી હરગોવિંદભાઇની ખબર પૂછી છે. લોસ એન્જલસ બેન ગીતાને તેની અમદાવાદ ઉતરે તે સુવિધા માટે તથા અમદાવાદ બિપીનભાઇને એરપોર્ટ લઇ જવા માટેના ફોન થયા છે. શ્રી બિપીનભાઇને માની નિત્યનોંધનાં બે પૃષ્ઠો પણ વાંચી સંભળાવ્યાં છે.

અહીં, શાંતિ છે. મુલાકાતીઓનું મૌન છે. તો સહયાત્રીઓનું પણ મૌન જ છે. સૌ પાસે જ રહે છે. પણ બે દિવસે આજે જ રાતે મળે છે.

આજની સત્સંગની બેઠકમાં પૂ.શ્રીની અમૃતવાણી દશ મિનિટ સાંભળી છે. M.P.3માં ૧૬ પ્રવચનો ઉતાર્યાં છે. જાણે સત્સંગનો નિત્ય સંગાથ આ વૈજ્ઞાનિક સાધનો ધરી રહ્યાં છે.

આજે, શ્રી જગુભાઇ, આનંદ, રાજીવ મહાબળેશ્વરમાં ફરે છે. ફરવા પાછળ એક હેતુ હતો. અહીં સ્વતંત્ર બંગલા પણ મળે છે. જે આ નિવાસ કરતાં સસ્તા છે. સ્વતંત્ર છે. એકાંતમાં હોય છે.

આજે તે સૌ રીપોર્ટ આપે છે.



અહીં શિયાળો છે છતાં વાતાવરણ અનુકૂળ છે. ધારેલી ઠંડી નથી.

હે અનુકૂળતાના સ્વામી, આપને પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ,

**તા. ૩૦/૧૧/૦૭ મહાબળેશ્વર**

નવેમ્બરનો અંત. એટલે કે ૨૦૦૭ની વિદાય નોબત વાગી રહી છે. ૨૦૦૭ના માત્ર ૩૧ દિવસ આપણા હાથમાં છે, એવું માનીએ છીએ પણ ૩૧ દિવસ પણ ક્યાં આપણા હાથમાં છે? ૩૧ કલાક કે ૩૧ મિનિટ કે ૩૧ સેકેન્ડનું પણ જીવન આપણા હાથમાં નથી.

જીવાડે છે તે બોનસ છે. શ્રી હરિએ નક્કી કરેલા દિવસો પૃથ્વી ઉપર રાખશે પછી શ્રી હરિની યોજના પ્રમાણે ક્યા લોકમાં, કેટલું ને કેવું શરીર એ બધું જ એની ઇચ્છા મુજબ થશે.

જે ક્ષણ મળી છે, જે શ્વાસ મળ્યો છે તેને મંત્રજપથી મઢી દેવા જ શ્રીહરિ દાનમાં આપી છે. પણ જીવને હજારો ઉપાધિ ને કરોડો ગૂંચ. તે ઉકેલવામાં માત્ર મંત્ર જપ જ રહી જાય. બાકી બધું જ થાય. બ્હાનું તૈયાર જ હોય. કામ આવી પડ્યું, ભૂલી જ ગયા.

એટલે મંત્રજપ રહી ગયા તેમાં માયાનું કારણ યોગ્ય નથી. જીવની જાગૃતિ નથી. જીવને જપનું મહત્ત્વ નથી સમજાયું. માટે તે રહી જાય છે.

મા વળી આજકાલ મંત્રજપ કરી લે છે. નિયમિત ૩૩૪ માળા થાય જ છે. શ્રી હરિની એ વિશેષ કૃપા છે કે આજે પણ ૩૩૪ માળા થઇ ગઇ છે.

માળા થઈ ગઈ તેનું એક કારણ આજે બહાર જવાનું હતું. શા માટે? શોપીંગ? ના. ફરવા માટે? ના. કોઈ સ્નેહીને મળવા માટે? ના. તો હે મા, તમે બહાર શા માટે ગયાં?

અરે, આ આર્યાહોટલ ગુજરાતી માલિકની છે. અહીં શાંતિ છે. સ્વસ્છતા સારી છે. સાથે ઘર જેવું પણ લાગે છે. છતાં મહાબળેશ્વર મોટું છે. આનાથી પણ વધારે સુવિધા હશે.

એવું માનીને આજે ૩,૪ બંગલા જોઈ લેવાનું બને છે.

શ્રી જગુભાઈ, આનંદ, રાજીવ ગઈ કાલે ૫,૭ બંગલા જોઈ આવ્યા છે. તેમાંથી આજે ૪ જોયા.

એ બંગલાઓની મુલાકાત સમયે સતત કબીર સાહેબની ૧ પંક્તિ સતત મનઅંતરમાં ગવાતી રહી.

અપને ખાતર મહલ બનાયા.
આપ હી જંગલ જા કર સોયા
ઈસ તન, ધન કી કૌન બઢાઈ?

આ બધા બંગલાઓ માત્ર ૫ ફૂટના દેહ માટે કેટલી બધી મોટી ઉપાધિ.

બાંધનાર, રહેનાર, ખરીદનાર પણ ક્યાં અમર છે? સર્વોત્તમ સગવડ સતત શોધતા રહેવાની માનવને ટેવ પડી છે. સર્વત્ર અનુકૂળતા શોધી લો તો ઘણો બધો સમય બચી જાય.

બાળકો શોધી જ લાવ્યા છે તો જઈ આવ્યાં.

કોઈકમાં સ્વચ્છતા હતી, ફર્નીચર સારું હતું તો ત્યાં પર્વતો બધા જ જાણે સંન્યાસીઓની જેમ મુંડન કરાવીને બેઠા હતા. સતત વૈરાગ્ય ધરે તેવું દૃશ્ય ત્યાં હતું.

તો વળી કોઈકનું કુદરતી સૌંદર્ય ખૂબ સરસ હતું. તો ત્યાં ભારે ગંદકી, દુર્ગંધ હતી.



બીજા બે સારા હતા પણ કુદરતી સૌંદર્ય જ ન હતું.

આ વિવિધ દેહના બંગલાઓ પણ પ્રભુ જોતા હશે તો દરેકમાં કંઈક ને કંઈક વિશેષતા સાથે વિચિત્રતા, ત્રુટીઓ, ખામીઓ, ઉણપ લાગતી જ હશે.

કોઈક જ દેહનો બંગલો પ્રભુને સંપૂર્ણ સંતોષ ધરતો હશે. બધા જ આ હાલતા ચાલતા બંગલામાં કેવા કેવા ક્યાં ક્યાં રાગ ને દ્વેષ, મમત્વ ને ધિક્કાર ચોંટેલા છે કે તેને ધોતા ધોતા ભગવાન પણ થાકી જાય.

બહારથી ખૂબ સુંદર દેખાતા માનવોના એ જીવનબંગલા કેવા મલિન મનવાળા હોય ને કેટલાક જીવનબંગલા બહારથી સાવ સામાન્ય લાગે છતાં અંદરથી અતિ સાત્વિક, પ્રભુ પરાયણ, પવિત્ર લાગે. અરે, બાહ્ય દેખાવને બાદ કરતાં તેને નમન કરવાનું મન થાય તેવા પણ હોય છે.

આ તો મહાબળેશ્વરના બધા વિવિધ માલિકોના વિવિધ બંગલા જોયા. એક બંગલામાં ૧ પુસ્તક જોયું તેનું શીર્ષક હતું 'મૌન એક ઉત્સવ' સરસ પ્રેરક શીર્ષક હતું.

કબીર સાહેબ તો સતત પોતાની કૃતિ દ્વારા જગાડી રહ્યા છે.

ઈસ તન ધન કી કૌન બઢાઈ અને 'મૌન એક ઉત્સવ' આ સૂત્ર પણ આજે મળી ગયું.

શ્રી હરિ બંગલા બતાવી બતાવીને માને જગાડી ગયા. હે જાગનાથ પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

# પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિનની ઉજવણી

નારાયણ હ. જાની

પ.પૂ. મહાત્મા યોગેશ્વરજીનો જન્મદિન તા.૧૫ ઓગસ્ટ.

આ વર્ષે તા. ૧૫ ઓગસ્ટ ને શનિવાર હતો, વળી ૧૪મી તારીખે પણ જન્માષ્ટમીની રજા હતી. આમ ત્રણ રજા ભેગી થઇ ગઇ. વળી પૂ. મા શ્રી સર્વેશ્વરીની સૂચનાથી દર વર્ષે જન્મદિન નિમિત્તે જે પ્રસાદ આદિવાસી વિસ્તારની શાળાનાં બાળકો અને લોકોમાં વહેંચવામાં આવતો, આ વર્ષે તે પૂ. શ્રીની જન્મભૂમિ સરોડાની શાળાનાં બાળકોમાં વહેંચવાનું ઠરાવ્યું.

## સરોડામાં પ્રસાદ વહેંચણી

આ માટે અહીં શાળાનો અનુકૂળ દિવસ તા. ૧૨ ઓગસ્ટ હતો. એટલે અંબાજી ખાતેના શ્રી મા અન્નક્ષેત્ર તરફથી વડોદરાના સેવાભાવી સાધક શ્રી લાલાભાઇ વિનુભાઇ અમીને બુંદી ને ચવાણાના દરેકના ૮૦૦ પેકેટ્સ તૈયાર કરી ખાસ વાહન દ્વારા સરોડા લાવ્યા. સાથે વડોદરાના યુવાન ૮ સાધકોની ટીમ પણ હતી. વળી બીજો એક સુયોગ એ પ્રાપ્ત થયો કે સ્વર્ગારોહણની સ્થાપનાના આરંભકાળમાં જેમણે મહત્ત્વની સેવાઓ આપેલી તે શ્રી બાલુભાઇ અને શ્રી વિમળાબેન પણ જીવનમાં પહેલી જ વાર ગુરુદેવ યોગેશ્વરજીની જન્મભૂમિ સરોડામાં આ વખતે શ્રી રાજુભાઇ જાની સાથે આવેલ. તેઓના શુભ હસ્તે બાળકોને આ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો. ખાસ્સો પ્રસાદ પામીને બાળકો ખૂબ રાજી થયા. શાળાના આચાર્ય અને શિક્ષકોએ પણ સારો સહકાર આપ્યો.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી નારાયણભાઇ જાનીએ સરોડા



ગામના આ મહાન સંતપુરુષના બાળપણના પ્રસંગો વર્ણવી સૂચવ્યું કે જે મહાપુરુષે આ ગામને દુનિયાના નકશા ઉપર ઉજ્જવળ કર્યું તેમના જીવનની વાતો બાળકોને કહેવી જોઇએ. એટલું જ નહિ પરંતુ તેમના સરસ ફોટાઓ પણ શાળામાં રાખવા જોઇએ ને તેઓએ લખેલ સાહિત્યના ગ્રંથો શાળાની લાયબ્રેરીમાં હોય તો વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ શકે.

વડોદરાથી આવેલા યુવાન સેવકોએ પૂ. શ્રીના જન્મસ્થળની મુલાકાત લઇ (ઘર બંધ હોવાથી) પ્રાંગણમાં બેસી પૂ. શ્રી ને પૂ. શ્રી માની બાવનીઓનું ગાન કરી પ્રણામો દ્વારા પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો.

આ કાર્યક્રમના આયોજનમાં સરોડા ખાતે ભરવાડ શ્રી કનુભાઇ અને તેમના પિતાશ્રી નારણભાઇએ ખૂબ રસપૂર્વક ભાગ લઇ તેને સફળ બનાવ્યો.

## મસૂરીમાં પણ જન્મદિનની ઉજવણી

મસૂરી એ પૂ. શ્રીની કર્મભૂમિ. અહીં જે મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિર ચાલે છે, તેનાં સો જેટલા બાળકોએ પૂ. શ્રીના જીવનના નાના નાના પ્રસંગોને નાટ્યસ્વરૂપ આપી સરસ રજુઆત કરી જોનારાઓને અભિભૂત કરી દીધા. આ માટે શાળાના આચાર્ય, શિક્ષકગણ તેમજ બાળકોએ ઉઠાવેલી જહેમત પ્રશંસનીય હતી; તો પૂ. માની સૂચનાથી મુંબઇના ભક્ત શ્રી અરૂણભાઇ શાહે ખાસ ઉપસ્થિત રહી બધા જ ૪૦૦ બાળકોને પ્રસાદ સાથે ગરમ સ્વેટરની ભેટ ધરી સહુના ઉત્સાહને વધાર્યો હતો. અહીંના કાર્યકરો અને શિક્ષકોએ પૂ. શ્રીની યાદને જે ભાવથી સાચવી છે તે પૂ. શ્રી ને પૂ. મા પ્રત્યેની તેઓની ઉત્તમ ભક્તિનું દર્શન કરાવી જાય છે.

## સ્વર્ગારોહણમાં ઉજવણી

સ્વર્ગારોહણમાં જન્માષ્ટમીના દિનને ઉપવાસ સાથે સાધના દિન તરીકે ઉજવવામાં આવ્યો. સવારની પ્રભાત ફેરી ને પ્રાર્થના પ્રણામો પછી સહુ સાધકો પોતે સંકલ્પેલા સાધનાત્મક નિયમો પૂરા કરવામાં લાગી ગયા. સંપૂર્ણ મૌન સાથે સાધકોએ દિવસભર શિસ્ત જાળવી જે રીતે આ નિયમો પૂરા કર્યા તે દૃશ્ય ખરેજ સરાહનીય હતું. સ્વર્ગારોહણમાં ઘણા બધા સાધક ભાઇબેનો હોવા છતાં ફક્ત પક્ષીઓના કલરવ સિવાય ક્યાંય બીજો અવાજ સંભળાતો ન હતો. એવી અનુપમ શાન્તિ હતી.

સાંજે ચાર વાગે પૂ. મા શ્રી સર્વેશ્વરીની ૧૯૮૮ની વિદેશ યાત્રામાં ઇંગ્લેન્ડના રગ્બી શહેરના કલ્યાણ પ્રાર્થના મંદિરમાં તેઓએ આપેલ પ્રવચનની વિડીયો દર્શાવવામાં આવી. આ વિડીયોમાં પૂ. માએ ગાયેલ ભજન અને આપેલ પ્રવચન સાંભળીને ઘણા બધા સાધકો અભિભૂત થઇ ગયા, કારણ કે છેલ્લા ૧૪ વર્ષથી પૂ. માને મૌન જ હોવાથી પૂ. માની પ્રત્યક્ષ વાણી તો ઘણાએ સાંભળી જ નથી.

આજ ઘણી બધી બેનો ને સાધક ભાઇઓએ નવા તૈયાર થયેલ આવાસોની સરસ સફાઇ કરી. તેમાં નવા પલંગો ને ગાદલાંઓની ગોઠવણ કરી. તેથી તે વસવાટ માટે યોગ્ય બન્યા. પૂ. માના નિયમ મુજબ અહીં સાધકોએ વસવાટ પહેલાં સમૂહમાં બાવનીઓ તેમજ ૐ યોગેશ્વર રક્ષમામ્, મા સર્વેશ્વરી પાહિમામ્‌ની પવિત્ર ધૂનોના ગાનથી સમગ્ર વાતાવરણને આધ્યાત્મિકતાથી સભર બનાવી દીધું.

રાત્રે પૂ. શ્રીના પ્રવચન પછી, પૂ. શ્રીની રચનાઓના ગાનથી બેનોએ અને ભાઇઓએ વિભાજીત થઇ એવી જુસ્સાદાર



જમાવટ કરી કે મધ્યરાત્રિ ક્યાં પસાર થઇ ગઇ તે ખબર જ ના પડી. ભક્તિમય વાતાવરણમાં સહુએ પ્રેમપૂર્વક સ્નાન કરી ભગવાન શ્રી કૃષ્ણના જન્મદિનને સરસ રીતે માણ્યો.

## ૧૫મી ઓગસ્ટ

તા. ૧૫મી ઓગસ્ટ એ પૂજ્યશ્રીનો જન્મદિન તો ખરો—પણ પાછળથી તે ભારતનો સ્વાતંત્ર્યદિન પણ બન્યો.

આજે સૌથી પ્રથમ લાકડાંના ભારાવાળી ૧૦૦ બેનો પૂ.શ્રીના જન્મદિન નિમિતેનો પ્રસાદ પામે છે.

૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે ભારત આઝાદ થયું. તેથી સ્વર્ગારોહણમાં પણ એની ઉજવણી—પ્રભાતની મંગલ વંદના ને પ્રણામ પછી, ધ્વજવંદન કરી કરવામાં આવી. આ ધ્વજવંદન સ્વર્ગારોહણના જૂના મેનેજર શ્રી બાલુભાઇના હાથે શ્રી કલ્યાણે કરાવ્યું. તો શ્રી રાજુભાઇ જાનીએ શ્રી બાલુભાઇએ સ્વર્ગારોહણના પ્રારંભનાં વર્ષોમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે જે સેવાઓ આપેલી તેને બીરદાવી, તેમનું બહુમાન કર્યું. તેઓને તેમનાં પત્ની શ્રી વિમળાબેન હવે વૃદ્ધ થઇ ગયેલ હોવાથી છેલ્લા કેટલાંક વર્ષોથી અહીં આવી શકતાં નથી. તો પૂ. માએ આ વખતે શ્રી રાજુભાઇ જાનીને તેમની ગાડીમાં અહીં તેડી લાવવા ખાસ સૂચના આપેલ. પૂ. માની આ વિશેષ કૃપાથી આ દંપતી ખૂબ ધન્ય બન્યું.

## ગુરુદેવનો પ્રાકટ્ય ઉત્સવ

યુવાન સાધક ભાઇબેનોનો ઉત્સાહ અહીં આજે જોવા જેવો છે. પૂ. શ્રીના જન્મદિને તેમને ઝૂલાવવા માટેનું સુંદર પારણુ બંધાયું છે. ઢગલાબંધ સુગંધિત ગુલાબોથી તેને સજાવવામાં યુવાન સાધક ભાઇબેનોએ કોઇ કચાશ રાખી નથી. હોલને પણ સજાવ્યો છે.

ધ્વજવંદનના વિરામ પછી પૂ. શ્રીના યુવાન સ્વરૂપને યોગધામમાંથી મંત્રગાન સાથે ઉપરથી લાવવામાં આવે છે. આ સ્વરૂપને મંત્રગાન ને ધૂનોથી કુટિયાની પ્રદક્ષિણા પછી ભારે જયઘોષ સાથે શણગારેલ પારણામાં પધરાવવામાં આવે છે. સમગ્ર વાતાવરણ ઉત્સવપૂર્ણ બની રહે છે. વડોદરાના શ્રી પંડિતજી, શ્રી નિલેષભાઇ, શ્રી અજય કલોલા, શ્રી કલ્પેશભાઇ, શ્રી દમયંતીબેન, શ્રી જયુબેન, શ્રી દીપુબેન, શ્રી ગાયત્રીબેન વગેરે અનેક ભાઇબેનોએ સંગીતનાં વાદ્યો સાથે જે જયઘોષ કર્યો ને અનેક ઢાળોમાં બાવનીનું ગાન કરી ગરબાની જે રમઝટ બોલાવી, તેનાથી સહુ ડોલી ઊઠ્યા. એકધારા બે કલાકના આનંદ ઉલ્લાસમાં જાણે સૌ પોતાના અસ્તિત્વનું ભાન ભૂલી ગયા. જાણે પૂ. મા પણ આ અદ્‌ભુત ઉજવણીમાં સૂક્ષ્મ સ્વરૂપે ઉપસ્થિત હોય એવી અનુભૂતિ સહુ કરી રહ્યા.

પૂ. શ્રીના પ્રવચન પછી સાંજે મટકી ફોડનો કાર્યક્રમ પણ સરસ રહ્યો. તેમાં બાળકો અને બેનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો ને મઝા માણી. સાહસ સાથે આનંદ સહુ મુક્ત હાસ્યથી માણી રહ્યા.

આજના મિષ્ટાન્ન ભોજનનો ખર્ચ વડોદરાના સાધક શ્રી યતીનભાઇ કાકા તરફથી આપવામાં આવેલ.

ખૂબ આનંદ અને ઉલ્લાસના પવિત્ર વાતાવરણમાં સ્નાન કરી સૌ સાધકો વિખરાયા. માનવજીવનમાં સાચે જ આવા નિર્દોષ ને નિખાલસ આનંદના દિવસો કેટલા! તેથી તો તે સ્મૃતિઓમાં કાયમ માટે અંકિત થઇ જાય છે. હે મા! અમારા જીવનમાં આવા દિવસો વિશેષ આવતા રહે તેવી કૃપા કરજો.

જય હો યોગેશ્વર પ્રભુનો, જય હો મા શ્રી સર્વેશ્વરીનો.



# અંબાજી ખાતે ભાદરવીનો મેળો

તંત્રી

છેલ્લા કેટલાક વર્ષોથી અંબાજી તીર્થના ભાદરવી પુનમના મેળા ટાણે પદયાત્રીઓ માટે સ્વર્ગારોહણના પ્રવેશદ્વારે કેટલીક ખાસ સુવિધાઓ ઊભી કરી સાધકો સેવાઓ આપે છે.

આ સેવાઓ ત્રણ પ્રકારની હોય છે. મફત મીઠ્ઠી છાશ ને પાણીની પરબ. થાકેલા કે માંદા યાત્રીઓ માટે દાક્તરી સારવાર ને મફત દવા. તેમજ લાંબુ અંતર ચાલવાને લીધે પગની માવજત મસાજ ને એક્યુપ્રેસર દ્વારા અંબાજીમાં આવી સેવા ફક્ત આ એક સ્થળે જ ઉપલબ્ધ હોય છે.

આ સેવાઓ માટે ખાસ્સો ખર્ચ થતો હોય છે. આયોજન તો સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી થતું હોય છે ને સાધકો પણ સેવા માટે ખાસ રજા લઈને આવતા હોય છે.

આ વર્ષે મેળાનો ગાળો તા. ૩૧–૮ થી તા. ૩–૯–૦૯ સુધીનો છે.

આ વર્ષે આ માટે પ્રાપ્ત થયેલ આર્થિક સહયોગ આ પ્રમાણે છે. મીઠ્ઠી છાશ માટે શ્રી નીલાબેન અને આનંદ મધુભાઇ ભટ્ટ તરફથી. મેડિકલ કેમ્પ માટે શ્રી પ્રભાબેન પટેલ અને શ્રી મનોજ બચુભાઇ ભક્ત. તેમજ એક્યુપ્રેસર–મસાજ માટે શ્રી ભારતીબેન ચોક્સી. હજારો યાત્રીઓએ આ સેવાઓ પામી હાસ અનુભવી.

### સ્વામી રામના જીવન પ્રસંગો

# જીવન ધ્યાન બની જશે

**મૂળ અંગ્રેજીના અનુવાદક : શ્રી કુંદનિકા કાપડિયા**

એક સંન્યાસી મહારાજ તેમના શિષ્યને ત્યાં જઈને રહેતા હતા. શિષ્યનું આખું કુટુંબ તેમને પ્રેમ અને આદર આપતું. કારણ કે સ્વામીજી આત્મસંયમના દૃષ્ટાંતરૂપ હતા અને ઘણા આધ્યાત્મિક માણસ હતા. તે હંમેશા સૂર્યોદય પહેલાં ઊઠતા, સ્નાન કરતા અને કલાકો સુધી ધ્યાનમાં બેસતા. પણ એક દિવસે વહેલી સવારે હજી તો અંધારું હતું ત્યાં તેમણે બૂમ મારી : 'એય, મારે માટે ખાવાનું લઈ આવ.'

તેમના શિષ્યે કહ્યું : 'મહારાજ, આ તમારો સ્નાનો સમય છે.'

મહારાજે કહ્યું : 'મારે માટે ખાવાનું લાવ. મને બહુ ભૂખ લાગી છે.' તેમણે ખાધું અને પછી સ્નાન કર્યું. સ્નાન પછી તેમણે શૌચક્રિયા પતાવી અને પછી તે ઊંઘી ગયા.

તેમણે બધો ક્રમ ઊંધોચત્તો કરી નાખ્યો. આખું ઘર અશાંત થઈ ગયું. બધાને થયું : એમને કંઈક થયું છે. તે ગાંડા થઈ ગયા લાગે છે.

પત્નીએ કહ્યું : 'આપણા ગુરુ તો અદ્‌ભુત માણસ છે. આપણે એમને મદદ કરવી જોઈએ.' તેમણે ડોક્ટરોને બોલાવીને વાત કરી કે : 'દવા વિશે કાંઈ વાત કરીને એમને હેરાન કરતા નહિ, પણ એમ કહેજો કે અમે તમારી પાસેથી શીખવા માગીએ છીએ. કૃપા કરીને એમની સાથે વિનયથી વાત કરજો.'

ડોક્ટરો આવ્યા અને સાધુમહારાજના શિષ્ય હોય તે રીતે



વર્ત્યા. કારણ કે તેમને એ માટે જ પૈસા આપવામાં આવ્યા હતા. ડોક્ટરોએ કહ્યું : 'ગુરુદેવ, તમને કેમ છે?' પણ તેમણે જવાબ આપ્યો નહિ. ડોક્ટરોને થયું કે તે અભાન અવસ્થામાં છે; કારણ કે તે સહેજ પણ હાલતાચાલતા નહોતા. એક જણે આંખો તપાસી. એમાં કશી ક્રિયા નહોતી. બીજાએ નાડી જોઈ, તે પણ બહુ મુશ્કેલીએ ચાલતી હતી. તેમણે આપસમાં વાત કરી : 'મહારાજ જીવે એમ મને લાગતું નથી.' ત્રીજા ડોક્ટરે સ્ટેથોસ્કોપ કાઢ્યું. તેને લાગ્યું કે હૃદયના ધબકારા ઘટી રહ્યા છે. તેણે કહ્યું : 'હૃદય મંદ પડતું જાય છે.' ઘરની ગૃહિણી વિલાપ કરવા માંડી, કારણ કે તેણે હંમેશા સ્વામીજીને પોતાના આધ્યાત્મિક પિતા સમાન ગણ્યા હતા.

છેવટે મને બોલાવવામાં આવ્યો. હું દાખલ થયો કે તરત તેઓ બેઠા થઈ ગયા. મેં પૂછ્યું : 'સ્વામીજી, શી બાબત છે?'

તેમણે કહ્યું : 'કંઈ નથી. કેમ, એવું કેમ પૂછો છો?'

મેં કહ્યું : 'બધાને ચિંતા થાય છે.'

તેમણે કહ્યું : 'હું બે બાબતો માટે ધ્યાન કરતો હતો. પણ આજે મારાં માતાપિતા મરણ પામ્યા અને હું શોકમાં છું, તેથી હું ધ્યાનમાં બેઠો નથી.' તેમની ભાષા એકદમ અકળ અને ગૂઢ હતી.

મેં કહ્યું : 'તમારા માતાપિતા મૃત્યુ પામ્યાં? તમે તો સાધુ છો. તમારે માબાપ સાથે શું લાગેવળગે?'

'ના, ના,' તેમણે કહ્યું : 'તમારે પણ માબાપ છે. તેમનું અવસાન થશે ત્યારે તમને સમજાશે.' પછી તેમણે આગળ કહ્યું : 'આસક્તિ મારી માતા હતી અને ક્રોધ મારો પિતા હતો. બંને મરી ગયાં, એટલે હવે મારે કાંઈ કરવાનું નથી. હવે મારે કશું

કરવાની જરૂર નથી.'

તમે જ્યારે આસક્તિ, ગુસ્સો અને અભિમાન છોડી દેશો ત્યારે ધ્યાન તમારો સ્વભાવ જ બની જશે. પછી તમારે ધ્યાનની મુદ્રામાં બેસવું નહિ પડે. તમારું આખું જીવન જ એક પ્રકારે ધ્યાન બની જશે.

## બીબીજી—એક અદ્‌ભુત સૂફી સંત

ભારતમાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, શીખ અને સૂફીઓ સદીઓથી એકબીજા સાથે મેળથી રહેતા આવ્યા છે. ભારત તો મિલનભૂમિ છે. જે કોઇ અહીં આવે તે એમાં સમરસ થઇને ભળી જાય છે. ભારતની સંસ્કૃતિનો આ ઇતિહાસ છે. ભારતના લોકો શાંતિપ્રિય હતા. પણ ભારત પર રાજ કરનાર વિદેશી રાજકર્તાઓએ વિવિધ ધાર્મિક જૂથો વચ્ચે ધિક્કારની લાગણી જન્માવી, કારણ કે તેમની નીતિ ભાગલા પાડીને રાજ કરવાની હતી.

આખી દુનિયાના સૂફીઓ ભારતના સૂફીઓને શ્રદ્ધાંજલિ અર્પવા ભારત આવે છે. આજે પણ ભારત સૂફીવાદનું ધામ છે. સૂફી ધર્મ પ્રેમનો ધર્મ છે. તેને માત્ર મુસલમાનો જ અનુસરે છે એવું નથી. હું જે થોડાક સૂફી સંતોને મળ્યો છું તેમાં એક મહાન સંત એક બાઇ હતાં. તે આગ્રામાં રહેતાં હતાં.

એક વાર હું હિમાલયથી આ વૃદ્ધ સ્ત્રીસંતને મળવા માટે આવ્યો. તેઓ એક નાની દરગાહમાં, સંપૂર્ણ નગ્ન અવસ્થામાં રહેતાં હતાં. તેમની ઉંમર ૯૩ વર્ષની હતી. તેઓ કદી રાતે ઊંઘતાં નહિ. હું એમને બીબીજી કહેતો, જે શબ્દ 'મા' માટે વપરાય છે. તે મને બેટા કહીને બોલાવતાં. હું આગ્રા હતો તે દરમ્યાન નિયમિતપણે રાતના બારથી એક વાગ્યાની વચ્ચે તેમને



મળવા જતો. બીબીજીની હું આમ રાતે મુલાકાત લેતો તેની લોકોએ એટલી બધી ગેરસમજ કરી કે તેમને લાગવા માંડ્યું કે મારું મગજ ચસકી ગયું છે. લશ્કરના કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને વિદ્વાનો પણ તેમને મળવા આવતા. કર્નલ જે. એસ. ખેરી તેમના મોટા ભક્ત હતા. હિંદુઓ તેમ જ બીજા લોકો પણ તેમને ખૂબ માન આપતા. એમ છતાં શહેરના ઘણા લોકોને ગૂઢ જ્ઞાન ધરાવતા આ મહાન સૂફી સંત અને તેમની રહસ્યમય રહેણી સમજાતી નહિ. પોતાને મળવા આવતા લોકો પ્રત્યે તેઓ અત્યંત કરુણાળુ હતાં, પણ દુન્યવી વ્યવહારો પ્રત્યેનો તેમનો અભિગમ ઘણી સ્પષ્ટ રીતે વ્યક્ત થતો : 'દુનિયાના લોકોને પોતાના માટીનાં વાસણ દાણા અને સિક્કાઓથી કેમ ભરવાં તે આવડે છે, પણ હૃદયનો ઘડો કેમ ભરવો તે કોઇને આવડતું નથી.'

એક રાત્રે બીબીજીએ મને કહ્યું કે મારે માટે ઈશ્વરને મળવાનું સહેલું છે. મેં પૂછ્યું, 'એને માટે કયો માર્ગ છે?'

તેમણે કહ્યું : 'પરમાત્મા સાથે એક થવા માટે માણસે ફક્ત સાંસારિક જંજાળથી વિરક્ત થઇ જઇ પ્રિયતમ સાથે નાતો જોડવાનો છે. એ એટલી સાદી વાત છે! તમારી રૂહ અલ્લાને આપી દો, પછી કંઇ કરવાપણું કે વધુ પામવાપણું રહેતું નથી.'

મેં કહ્યું : 'બીબીજી, પણ એ કેવી રીતે કરવું?'

તેમણે એક સંવાદ કહ્યો. હું એ જેમનો તેમ અહીં ઉતારું છું.

તેમણે કહ્યું :

'હું મારા પ્રિયતમને મળવા ગઇ. તેણે પૂછ્યું : 'મારા દરવાજે કોણ આવી ઊભું છે?

'મેં કહ્યું : તમારી પ્રેમિકા ઊભી છે, પ્રભુ!

'પ્રભુએ કહ્યું : એનો તું શો પુરાવો આપી શકે તેમ છે?

'મેં કહ્યું : આ મારું હૃદય મારી હથેળી પર છે, અને મારી આંખમાં આંસુ છે.

અને તેમણે કહ્યું : હું તારું અર્પણ સ્વીકારું છું, કારણ કે હું પણ તને પ્રેમ કરું છું. તું મારી છે. જા અને દરગાહમાં જઈને રહે.

'તે દિવસથી બેટા, હું અહીં રહું છું. દિવસ ને રાત હું તેની વાટ જોઉં છું. અનંતકાળ સુધી વાટ જોઈશ.'

મને એક મહાન માણસના શબ્દો યાદ આવ્યા. તેમણે કહેલું : 'જીવનના ઝેરી વૃક્ષને માત્ર બે ફળ લાગેલાં છે : અમરતા પર ચિંતન કરવું અને સંતો સાથે વાતચીત કરવી.'

ઘણી વાર હું બીબીજીની આંખોમાંથી પ્રખર તેજ છૂટતું જોતો. તેમની અદ્‌ભુત દિવ્ય સમાધિ, અલ્લા પ્રત્યેનો અગાધ પ્રેમ અને સંપૂર્ણ આત્મસમર્પણને કારણે મારા પર તેમની ઊંડી અસર પડી હતી.

તેમણે કહેલું : 'શાણપણનું મોતી હંમેશાં હૃદયના દરિયામાં છીપની અંદર છુપાયેલું હોય જ છે. ઊંડી ડૂબકી માર. કોઈક દિવસ તને એ મળશે.'

એક દિવસ તેમણે હસતાં હસતાં શરીર છોડી દીધું. અમે બાર જણા તેમની આસપાસ બેઠા હતા. બધાએ તારા જેવો એક પ્રકાશ જોયો. એ પ્રકાશ તેમના હૃદયમાંથી નીકળ્યો અને વીજળીની જેમ આકાશ ભણી ચાલ્યો ગયો. હું બીબીજીનું અત્યંત આદર અને પ્રેમથી સ્મરણ કરું છું. મારા હૃદયમાં તે હંમેશ માટે વિદ્યમાન છે.



# Van Vishram 2009

**Parth**

I'm returning to the world, and I don't want to go back. From my view right now sitting in the plane, the world beneath me looks serene, tranquil, and quiet; just as it did on the ground through the windows of Maa's cottage. it's nothing like the everyday chaos of our lives, bustling with work, school, and other petty activities. There is something about Mother Nature that attracts Maa. I am embarrassed to admit that, to learn such a huge aspect about Maa's personality, took me fifteen years and a first–time experience with Maa living with only a hand–few people, surrounded by nothing but Nature. It's a longstanding selfish thought of mine that Maa is here only for us: to help us, to save us, and to protect us; to advise us, to guide us, and to teach us. But this is only Maa's gift to us, and truly, it is only her "part-time job." This trip's biggest lesson was all about learning how to give back to Maa' to learn more about Maa's own goals, Maa's perspective and about Maa's "full–time job."

Maa's perspective of Nature is beautiful. She writes, "The sun always rises and sets each and every single day on a punctual schedule. No one has to remind it when to come out or when to go down. It is also forever consistent from the Eastern sky to the

West. It's never late. It blesses every place on Earth with its rays of light as to be fair in sharing its love." Or another observation as she looked at the geese in Buckhorn Lake: "These geese trust God with their lives. None are concerned about having a bank account for their life–savings. None have a credit card, an email address, or cell phone. They have no titled property to claim ownership, nor do they pay rent or taxes for the places they stay. ...Yet God takes these creatures in His hands and looks after them even when the fox comes to hunt."

Just as Maa often interprets many facets and phenomena of nature, I sat outside the cottage one afternoon looking over the lake; pretending to see the world around me as Maa does. What if I could ask a question, and get an answer through Nature, like Maa does? My question was, "What brings me to maa?" I have come to a point in my life where I come running to Maa if she so much as whispers my name. I must thank my parents for providing me the means to these opportunities with nothing but encouragement. Instead of finding an answer, however, my one question had turned into more questions; still no answers.

- "Out of every one she could have picked, why did she call me to go stay with her?"
- "What did I do that she chose to carry me in Her hands?"
- "What should I do to guarantee that I keep seeing Maa the same way in the future?"
- "What is Maa trying to teach me, and where is she taking me?"



These questions remained on my mind and it wasn't until a couple of days later that my readings, Maa's diary and slate, and a talk with Hiteshbhai came together to provide a new but vague consideration. Right outside the doors of our cottage was a vast system of lakes and rivers. Some of us are like the standstill drops of water of the lake, not going anywhere, maybe too preoccupied by our daily lives to realize that the true destiny of any moving water is to eventually become one with the Ocean. Others are drops of water in slow streaming river, guided by the good deeds of their past lives' karma, in a sat yet slow motion towards a reunification. And yet some drops of water are like Niagara Falls, whose rushing waters carry so much force and speed that there is little else to concern themselves with other than reaching God as fast as possible.

So towards the end of my trip, I did get a few answers; but not all. That's what keeps me coming back. Maybe we are lucky to be picked because of our past karmas and our slow steady progress towards God. While at a sitting in the cottage downstairs, Maa answered another one of my questions through her slate: "Prabhu brings us together for yet another meeting. Some people–in their entire

lives–will only see Maa for 5 minutes. Some will only be touched by Maa just once, and never again. Some people will only get Darshan once in their lives. But for some reason, Prabhu has brought us together again; Maa honestly didn't want to leave India this time to come to Canada."

Everytime I visit Maa, I feel as if I learn an entire dimension to her personality that was otherwise totally undiscovered. So by getting to know her better, I also get more and more lost in her character. Her main mission isn't to help us through our petty personal problems, but to direct us in a faster path towards God than what we are capable of accomplishing alone. Her full time job is becoming–and being–the Ocean, but Maa works overtime and takes us in Her own hands. We are her geese and as God, She takes extra time out to look after us, protect us, and therefore even takes care of our smaller concerns–never asking for anything in return. She has given me everything from the gift of music to carrying me through all my schooling. Any and every problem or question I've ever asked, Maa has given an answer. This time, in the midst of all the nature and surrounding beauty, through Her uninterrupted Sadhna, Maa was able to swim freely in Her ocean, accomplishing things for Herself for once, and not for Her bhaktas.

As the flight lands, I know I'll soon be returning back to the bustling lifestyle that will discourse me



from my spiritual path, but I hope that Maa continues to bid us farewell in the same words she has been using recently: "You kids like Maa. Maa likes you too. When Maa calls, come running to Me." ...And we will. Because with each visit, Maa always picks me up and gives me an idea of what it feels like to run with the rushing waters of Niagara Falls. And I hope one of these days, years, or lifetimes, I will join the same ocean through Her everhelping hands.

**Jai Krupalu Maa.**
**Parth**

મંગલમયયાત્રા અમંગલમય જણાય ત્યારે સૃષ્ટિને નહિ, દૃષ્ટિને બદલવાની જરૂર છે, જે સૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે ભૌતિકવાદી અને જે દૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે અધ્યાત્મી. **– ભાણદેવજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ** તેમ જ **દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**–૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# વન વિશ્રામ—૨૦૦૯

નારાયણ હ. જાની

મને(આ વન વિશ્રામમાંથી) પાછા જવાની જરૂર નથી, (પરંતુ) હું વ્યાવહારિક દુનિયામાં પાછો ફરી રહ્યો છું અત્યારે વિમાનની બારીમાંથી નીચે જે ધરતી દેખાય છે, તે તદ્દન સ્વચ્છ, શાંત અને કોલાહલ વગરની છે, જેવી તે પૂ.માના આવાસની બારીમાંથી દેખાતી તેવી જ. આપણા રોજિંદા જીવનની ગરબડો જેવી કે કામ કે શાળાએ જવાની તેમજ બીજી નાની નાની પ્રવૃત્તિઓની ધમાલ જેવું ત્યાં કંઇ નથી. પરંતુ ત્યાં પ્રકૃતિ માતાનું કંઇક એવું છે જે પૂ.માને ખેંચે છે. મને કહેતાં સંકોચ થાય છે કે પૂ.માના વ્યક્તિત્વના આ વિશાળ પાસાને સમજતાં મને પંદર વર્ષ જેટલો સમય લાગ્યો. પૂ.માના સાન્નિધ્યમાં ગણ્યા ગાંઠ્યા માણસો જ હોય અને તેમની આસપાસ કેવળ પ્રકૃતિ માતા જ હોય એવું મેં મારા જીવનમાં પહેલી વાર જ જોયું. લાંબા વખતથી મારામાં એવો સ્વાર્થી વિચાર ઘર કરી ગયેલો કે પૂ.મા અહીં(વિદેશમાં) ફક્ત અમને મદદ કરવા, બુરાઇઓથી અમારું રક્ષણ કરવા, સલાહ તેમજ માર્ગદર્શન પૂરું પાડી, નવું શીખવવા આવે છે. પરંતુ સાચું પૂછો તો પૂ.માની આ તો અમારા માટેની બક્ષીક્ષ જેવું છે જે એમના દૈનિક જીવનના થોડાક ભાગ જેવો છે. મારી આ વખતની મુસાફરીનો જો કોઇ સૌથી મોટો શીખવાનો બોધપાઠ હોય તો એ કે પૂ.મા આપણને જે આપે છે. તેનું પૂ.માને સૌથી સાચી રીતે વળતર કેવી રીતે વાળી આપી શકીએ, પૂ.માના પોતાના સાધનાત્મક લક્ષાંકો ક્યાં



છે તેમજ પૂ.માનું પોતાનું પોતા વિષે પૂરા દિનનું કાર્ય શું છે.

પૂ.માનો કુદરત અંગેનો અભિગમ ખરે જ સુંદર છે. તેઓ લખે છે. સૂર્ય રોજ રોજ ચોક્કસ સમયે ઊગે છે ને આથમે છે. તે માટે તેને આવવા અને જવા માટે કોઇકે કંઇ યાદ દેવડાવવું પડતું નથી. વળી તે કાયમ પૂર્વમાં ઊગીને પશ્ચિમમાં આથમે છે. તે કદી મોડો પડતો નથી. પૃથ્વીના દરેક સ્થળને તે પોતાનાં પ્રકાશિત કિરણોથી અજવાળે છે તેમજ પ્રેમની વહેંચણીમાં પણ તે પક્ષપાત રહિત છે. પૂ.માનું બહરોર્ન તળાવમાં વિહરતા હંસો અંગેનું બીજું દર્શન જોઇએ. આ હંસો તેમના જીવન માટે ભગવાન પર ભરોસો રાખે છે. તેઓમાંના કોઇને તેમની પાછલી જિંદગી માટે બચત અંગેના કોઇપણ એકાઉન્ટની ચિન્તા નથી. કોઇની પાસે ક્રેડિટ કાર્ડ કે કોઇનું ઇ—મેલ સરનામું નથી. કે સેલફોન પણ નથી. પોતાની માલિકી દર્શાવતી કોઇ સ્થાવર સંપત્તિ પણ તેમના નામે નથી જે તળાવમાં વસે છે તેનું ભાડું ભરવાનું કે તે માટેના કોઇ વેરા ભરવાના પણ નથી. તેમનું જીવન કેવળ ભગવાનના હાથોમાં સુરક્ષિત છે અને જ્યારે વરૂ તેમનો શિકાર કરવા આવે છે. ત્યારે ભગવાન જ તેમનું રક્ષણ કરે છે.

કુદરતની ઘટનાઓનાં વિવિધ પાસાઓનું પૂ.મા ઘણીવાર છણાવટ કરે છે એટલે હું પણ એક સાંજે પૂ.મા જે રીતે તળાવની સપાટીનું દર્શન કરી રહે છે, તેમ કરતો હોવાનો ભાવ ધારણ કરી નિરીક્ષણ કરી રહ્યો. જો હું પૂ.માની જેમ કુદરતને પ્રશ્ન કરું તો શું કુદરત મને મારા પ્રશ્નનો ઉત્તર આપશે? તો મારો પ્રશ્ન છે ‘‘એવું શું છે જે મને પૂ.મા પાસે ખેંચી લાવે છે?’’

હું મારા જીવનના એ તબક્કે પહોંચ્યો છું કે પૂ.મા મારા નામનું સ્મરણ કરે અને હું તેમની પાસે દોડી આવું છું. બેશક, મારે મારા માતાપિતાનો ખાસ આભાર માનવો જોઇએ કે તેઓ મને પૂ.મા પાસે જવાની તકો માટેના સાધનો પૂરાં પાડે છે એટલું જ નહિ, પણ તે માટે પ્રોત્સાહિત કરતાં રહે છે. શહેરના એક પ્રશ્નના ઉત્તરને સ્થાને ઘણા બધા પ્રશ્નો પેદા થયા છે. જેના મને હજી કોઇ પ્રત્યુત્તર પ્રાપ્ત થયા નથી. આ પ્રશ્નો આ મુજબ છે.

ઘણા બધામાંથી તેઓની (પૂ. માની) પાસે આવીને રહેવા માટે પૂ. માએ મારી જ પસંદગી કેમ કરી? મેં એવું તો શું કર્યું કે જેથી તેમની પસંદગીનો હાથ મારા પર પડ્યો?

આજે પૂ. માને હું જે રીતે જોઇ રહ્યો છું તેવા જ ભાવથી ભવિષ્યમાં જોતો રહીશ તે માટેની ખાત્રી આપવા માટે મારે શું કરવું જોઇએ? પૂ. મા મને શું શીખવવા અને ક્યાં લઇ જવા માગે છે?

આ પ્રશ્નો મારા મનમાં ઉઠતા રહ્યા. આમ ત્યાં સુધી બન્યું કે બે દિવસ પછી પૂ. માની ડાયરી તેમજ સ્લેટનું લખાણ વાંચવામાં ના આવ્યું. વળી હિતેશભાઇ સાથે વાત થઇ તેમાંથી નાનો છતાં અસ્પષ્ટ વિચાર આવ્યો.

અમારા આવાસના દરવાજાની બરોબર સામેની બાજુ તળાવો અને નદીઓનું વિશાળ સંકુલ હતું. અમારામાંના કેટલાક તળાવના પાણીના સ્થિર ટીપાં જેવા છે, કારણ કે તેઓ આસપાસ ક્યાંય જતા નથી. સંભવ છે કે તેઓ પોતાના રોજીંદા જીવનના એ વિચારોમાં એટલા બધા ખોવાયેલા છે કે તેઓ જાણે છે કે આખરે કોઇપણ સરકતા જલબિન્દુનું સાચું ભવિષ્ય તો



આખરે તે સમુદ્રના પાણી સાથે એક થઇ જાય તે જ છે. તો બીજા કેટલાક ધીમી ગતિએ વહેતા નદીના પ્રવાહના જલબિન્દુ જેવા છે જેઓ પોતાના આગલા જન્મોના સત્કર્મોના ફળરૂપે ધીમી ગતિએ પણ પ્રભુ સાથે એકરૂપ થઇશું જે એમ માને છે.

જ્યારે બીજાં કેટલાક એવાં જલબિંદુઓ છે જે નાયગ્રાના ધોધના પાણીના પ્રવાહની જેમ ખૂબ જોર અને ગતિથી પ્રભુની સાથે બને તેટલા જલ્દી એકરૂપ થઇ જવાય એ જ અપેક્ષાએ દોડે છે. બીજાઓનું શું થશે એનો એમને કોઇ વિચાર નથી. એની પંચાતમાં તેઓ પડતા નથી.

મારી આ મુસાફરીના અંતે મને મારા બધા જ પ્રશ્નોના નહિ, પરંતુ થોડા પ્રશ્નોના જવાબ તો મળ્યા જ. એથી તો મને તેઓની પાસે ફરીફરી આવવાનું મન થાય છે. કદાચ આપણા ભૂતકાળના સત્કર્મોના કારણે પૂ.મા આપણે તેમની પાસે આવવા આમંત્રે છે. જેથી પ્રભુ પ્રાપ્તિ અંગેની આપણી ધીમી એકધારી ગતિ જળવાય રહે. પોતાના ઉતારાના નીચેના ભાગમાં બેઠેલાં પૂ.માએ મારા પ્રશ્નોમાંના બીજા એક પ્રશ્નનો જવાબ, તેઓની સ્લેટમાં આ પ્રમાણે લખ્યો:— પ્રભુ આપણે ફરી મળી શકીએ તે માટે પાસે લાવે છે. કેટલાક એવા લોકો છે કે તેઓના આખા જીવન દરમ્યાન પૂ.માને માત્ર પાંચ મિનિટ જ મળશે, તો કેટલાક પૂ.માનો સંસ્પર્શ ફક્ત એકાદવાર જ પામશે, પછી કદી નહિ. કેટલાકને પૂ.માનું દર્શન જીવનમાં ફક્ત એકવાર જ થશે. પરંતુ કોઇ અગમ્ય કારણસર, પ્રભુ આપણને ફરી ભેગાં કરે છે. સાચું પૂછો તો આ વખતે ભારત છોડીને કેનેડા આવવાની પૂ.માની ઇચ્છા જ ન હતી. દર વખતે હું જ્યારે પૂ.માની

મુલાકાતના અન્તે મને એવું લાગે છે કે અત્યાર સુધી પૂ.માના વ્યક્તિત્વનાં જે પાસાઓથી હું પૂરેપૂરો અજાણ હતો તેમના વિષે મને થોડી વધું જાણકારી પ્રાપ્ત થઇ છે. તેથી તેમને વધુ સારી રીતે સમજવા માટે તેમના વ્યક્તિત્વની જે વાતો જાણવાની રહી ગઇ છે. તે સમજવા વારે વારે તેમની પાસે જવું જોઇએ એવું નથી લાગતું કે આપણી નાનીમોટી તકલીફોમાં મદદ પહોંચાડવી એટલો જ એમનો મુખ્ય ઉદ્દેશ છે? નહિ. કિન્તુ પ્રભુ પ્રાપ્તિના પંથે એકલે હાથે ન પહોંચી વળીએ તેમ હોવાથી આપણી મતિ તેજ કરવાનો તેમના જીવનનો ઉદ્દેશ છે. પૂ. માનું આખા દિવસનું કોઇ કામ હોય તો (મારી દૃષ્ટિએ) મુક્તિ માટેના સાગર બનવાનું—ને બની રહેવાનું છે. પૂ. મા તો નિર્ધારિત કામ કરતાં પણ વિશેષ કામ કરે છે અને આપણને તેમના આશ્રયમાં લઇ લે છે. આપણે તો તેમના પાળેલા હંસો જેવા છીએ. અને એક પ્રભુસત્તા તરીકે ખાસ સમય કાઢી આપણી વિશેષ સંભાળ રાખે છે એટલું જ નહિ, આપણી રક્ષા પણ કરે છે અને એથી તો આપણી નાની મોટી બાબતોની પણ કાળજી લે છે. તો બદલામાં કશી જ અપેક્ષા રાખતાં નથી.

પૂ. માએ મારે જોઇતી હરેક વસ્તુ આપી છે, શાળાના દિવસો દરમ્યાન મને સંગીતની ખાસ ભેટ આપી છે (તબલા વાદનની). આ ઉપરાંત કોઇપણ પ્રશ્ન કે સમસ્યા અંગે દર વખતે મેં તેઓની સલાહ પૂછી છે, તો પૂ. માએ તેના પ્રત્યુત્તર આપ્યા છે. આ વખતે કુદરત અને એની આસપાસના સૌંદર્યની વચ્ચે પૂ. માની અખંડ અવિરત સાધનાના સાગરમાં મુક્તરીતે વિહાર કરી રહ્યા છે. તેનો ઉદ્દેશ કોઇ ભક્તો માટે કંઇ પ્રાપ્ત કરવાનો નથી, કિન્તુ પોતાને



સાધનાત્મક રીતે સક્ષમ બનાવવા માટે જ છે.

મારું વિમાન જેવું નીચે ઉતરશે કે હું જાણું છું કે હું જલ્દીથી મારી રોજીંદી ધમાલભરી જીવનશૈલી જે મને મારા આધ્યાત્મિક માર્ગથી છૂટો પાડી દેશે તેમાં પાછો ફરી જઇશ. પરંતુ મને આશા છે કે દર વખતે વિદાય આપતા પૂ. મા હમણા હમણા જે શબ્દો લખે છે, “હે બાળકો, તમને મા ગમે છે તો માને પણ તમે ગમો છો જ. તો પૂ. મા જ્યારે પણ બોલાવે ત્યારે દોડતા આવી રહેજો” હા મા, અમે જરૂરથી આવીશું, કારણ કે દર મુલાકાત વખતે, મને બાલાવીને પૂ. મા કહે છે કે પેલા નાયાગ્રાના ધસમસતા પ્રવાહના બિન્દુ થવાનું તને ગમે છે કે કેમ તે વિચારજે અને મને વિશ્વાસ છે કે આ દિવસો દરમ્યાન કે વર્ષોમાં અરે, આખી જિંદગી દરમ્યાન ગમે ત્યારે હું પૂ. માની સદાય ઉપલબ્ધ સહાયથી—પ્રભુના એ મહાસાગરમાં અવશ્ય એકરૂપ થઇને જ રહીશ.


વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# સાધનાનો પ્રભાવ કેમ દેખાતો નથી?

**સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતી**

આવો પ્રશ્ન એવા સાધકને જ ઊભો થાય કે જેને સાધન આપનારા ગુરુમાં પૂર્ણ શ્રદ્ધા ન હોય—આત્મસમર્પણ કરવા જેટલી શ્રદ્ધા ન હોય. જ્યાં અડગ શ્રદ્ધા છે, ત્યાં સાધના ખૂબ તત્પરતાથી થયા વગર રહેતી નથી, એટલે આવા સાધકને તો આવી તપાસ કરવાનો અવકાશ જ રહેતો નથી. અને તેથી સાધના માટે પ્રથમ આવશ્યકતા છે અડગ શ્રદ્ધાની. ભગવાને ગીતા અ. ૪ શ્લોક ૩૯ માં કહ્યું છે કેઃ—

**श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।**
**ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥**

એટલે કે જ્ઞાનની પ્રાપ્તિ માટે ગુરુ ઉપર પરમ શ્રદ્ધા અનિવાર્ય છે. શ્રદ્ધા ન હોય તો જ્ઞાનસાધના તત્પરતાથી બને નહીં, અને જ્યાંસુધી સાધનામાં તત્પરતા ન આવે ત્યાંસુધી એ સાધના કોઇ ફળ પ્રગટાવી શકે નહિં. આ ભાવ સૂચવવા માટે ભગવાન તે પછીના શ્લોકમાં કહે છેઃ—

**अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।**
**नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥**

એક તો અજ્ઞાની હોય અને પાછો કોઇના ઉપર વિશ્વાસ ન રાખે તો તે સદા સંશયગ્રસ્ત રહે છે. પોતે સમજે નહિ અને ગુરુજન ઉપર વિશ્વાસ ન રાખે, તેવા માણસના સંશય કેમ છેદાય? એટલે ભગવાન કહે છે કે આવા સંશયગ્રસ્ત સાધકનો આ લોક બગડે છે, તેમાં તેને સુખ મળતું નથી તેમ જ તેનો



પરલોક પણ બગડે છે.

આટલે સુધી આવતાં આપણે જોયું કે કોઇ પણ સાધનાની સફળતા માટે સાધન બતાવનાર વ્યક્તિ પ્રત્યે પરમ શ્રદ્ધા હોવી અનિવાર્ય છે. કોઇ પણ સાધનની સિદ્ધિ માટે ''અભ્યાસ—વૈરાગ્ય''ના પ્રસંગમાં અભ્યાસનું સ્વરૂપ બતાવતાં પાતંજલ યોગદર્શનમાં કહ્યું છે કે—

(૧) **दीर्घकाल**—સાધના દીર્ઘકાળ પર્યંત અડગ શ્રદ્ધાથી કર્યા કરવી જોઇએ. દીર્ઘકાળનો અર્થ અહિં બે વર્ષ, પાંચ વર્ષ કે દશ વર્ષ એવો કોઇ મર્યાદિત અર્થ નથી; પરંતુ એનો અર્થ એવો છે કે સિદ્ધિ પ્રાપ્ત થતાંસુધી. એટલે સિદ્ધિ પ્રાપ્ત થતાંસુધી અડગ ધૈર્યથી સાધના કર્યા કરવી જોઇએ.

(૨) **नैरन्तर्येण**—એટલે કે સાધના નિત્ય નિરંતર કરવી જોઇએ. ચાર દિવસ સરખી કરીએ અને વળી બે દિવસ મૂકી દઇએ એમ કરવાથી સાધના સફળ ન થાય. એટલા માટે સાધના નિત્ય અને નિરંતર એટલે કે સમયનું અંતર પાડ્યા વિના કરવી જોઇએ.

(૩) **सत्कारासेवितः**—બીજે ક્યાંઇ પણ લક્ષ ન જવા દેતાં માત્ર સાધનામાં જ ચિત્તને એકાગ્ર રાખવું જોઇએ. જો સાધનામાં ભાવ અને પ્રેમ ન હોય તો તેમાં એકાગ્રતા થતી નથી; માટે જે કંઇ પણ કરવું તે ભાવ અને પ્રેમથી કરવું જોઇએ. આવી રીતે જો સાધના થાય તો તે સફળ થયાવિના રહેતી નથી.

હવે દીર્ઘકાળપર્યંત માણસ સાધના કરી શકતો નથી. કાં તો શ્રદ્ધાની કમી હોય છે અથવા પુરુષાર્થ થઇ શકતો નથી. ચાર—છ મહિના સાધના કરે અને પછી વિચાર કરે કે છ છ માસથી

આપણે સાધના કરીએ છીએ પણ ફળ તો કાંઇ દેખાતું નથી. આ સમજવા માટે એક દૃષ્ટાંત લઇએ.

યોગવાસિષ્ઠમાં કહ્યું છે કે—

**कालेन परिपच्यन्ते कृषिः गर्भादयो यथा ।**
**एवं आत्मविचारोऽपि शनैः कालेन पच्यते ॥**

જેમ 'બી'ને વાવ્યા પછી અંકુર ફૂટતાં વાર લાગે છે અને માતાના ઉદરમાં ગર્ભને પરિપક્વ થતાં વખત લાગે છે તેમ સાધનાને પરિપક્વ થવામાં સમય અવશ્ય લાગે જ. થોડો સમય લાગે કે વધારે સમય લાગે તેનો આધાર સાધકના કષાયના પ્રમાણ ઉપર છે. જે સાધકના કષાય અલ્પ પ્રમાણમાં અને આછા હોય તેને થોડા સમયમાં સિદ્ધિ મળે છે; જ્યારે બીજાને કષાય મોટા પ્રમાણમાં અને ઘાટા હોય તેને વધારે વાર લાગે. ભલેને એક જ ગુરુના બે શિષ્ય હોય; એમની પાસે જ સાધના કરતા હોય તથાપિ ઉપર જણાવેલ કારણને લીધે એકને વહેલી સફળતા મળે છે, બીજાને મોડી.

એક મગનો દાણો લઇએ તો એને ત્રીજે જ દિવસે અંકુર ફૂટશે. પરંતુ કોઇ કઠણ દાણો વાવીએ જેવો કે બોરનો ઠળીયો અથવા કાંચકો, તો એને અંકુર ફૂટતાં છ થી આઠ માસ લાગે. આવી રીતે જુદી જુદી જાતનાં 'બી'ને અંકુર ફૂટતાં જરૂર વાર લાગે છે. તેમ સાધનાને સફળ થતાં પણ અવશ્ય સમય લાગે.

આવી રીતે માતાના ઉદરમાં ગર્ભને પરિપક્વ થતાં પણ અમુક સમય જોઇએ જ. નાના પ્રાણીને થોડો સમય જોઇએ, મોટા પ્રાણીને વિશેષ. માનવગર્ભને પરિપક્વ થતાં ૨૭૦ દિવસ લાગે છે. હવે પરદેશ રહેલો કોઇ પતિ પાંચેક માસ વીત્યા પછી



દર મહિને પૂછાવ્યા કરે કે બાઇને શું બાળક આવ્યું તો તે જેમ હાસ્યાસ્પદ લાગે, તેમ સાધનાના પરિપક્વ થવાના સમય પહેલાં કેમ ફળ ન આવ્યું એવો મનમાં વિચાર આવે તે પણ તેટલું જ હાસ્યાસ્પદ છે.

લોકોને આ વાત સમજાવતાં ભગવાન રામચંદ્રજી ગુરુ-વસિષ્ઠને પૂછે છે કે હે ભગવાન્! આપ જેવા સમર્થ ગુરુ છે અને મારા જેવો અધિકારી મુમુક્ષુ શિષ્ય છે છતાં પણ મને હજુ કેમ બોધ થતો નથી. વસિષ્ઠ ઋષિ પ્રસન્ન થઇને પ્રત્યુત્તરમાં કહે છે, "હે રામચંદ્રજી! તમને બોધ થવામાં વાર લાગે છે તેનું કારણ એવું નથી કે મારામાં કોઇ ન્યૂનતા છે અથવા તમારામાં કોઇ ખામી છે કિંતુ વસ્તુસ્વભાવ જ એવો છે તેને પરિપક્વ થતાં લાંબો સમય જોઇએ." જુઓ સાંભળો!

**जन्मान्तरचिराभ्यस्ता राम संसारसंस्थितिः ।**
**सा चिराभ्यासयोगेन विना न क्षीयते क्वचित् ॥**

હે રામચંદ્રજી! અનાદિકાળથી તમે સંસારને દૃઢ કરતા અનંતજન્મોથી ચાલ્યા આવો છો. એ સંસારની ભાવનાને દૂર કરી, આત્મભાવનાને પ્રાપ્ત કરવા માટે દીર્ઘકાળપર્યંત સાધના કરવી જોઇએ. દીર્ઘકાળપર્યંત સાધના કર્યા સિવાય સંસાર-ભાવના ક્ષીણ થતી નથી.

આ દૃષ્ટાન્તથી એમ ફલિત થયું કે પૂર્ણ ધીરજ રાખી સાધકે સિદ્ધિ લાભ થતાં સુધી અડગ ધૈર્યથી સાધના કર્યા કરવી જોઇએ. વચમાં અધીરાઇ આવી જાય તો કર્યુંકારવ્યું બધુંય વ્યર્થ જાય. આ વાત એક દૃષ્ટાન્તથી સમજીએ....

એક ગામડામાં એક ખેડૂતનું કુટુંબ રહેતું હતું. ખેડૂતને કોઇ

કામ પ્રસંગે પાસેના શહેરમાં જવાનું થયું; ત્યાં તેણે ખારેકી બોર મોટાં મોટાં બજારમાં જોયાં. મનમાં થયું કે આ બોર છોકરાં માટે ઘેર લઇ જાઉં, એમ વિચાર કરી તે શેર—દોઢ શેર બોર ઘેર લઇ ગયો. બધાં છોકરાંઓએ બોર ખાધાં અને બહુ જ રાજી થયાં. તેનો આઠેક વર્ષનો છોકરો બોલી ઊઠ્યો કે, ''હેં બાપા! આવાં બોર આપણી વાડીમાં ન ઉગે?'' બાપાએ કહ્યું, ''કેમ ન ઉગે?'' એક ઠળીયો લઇ પાળામાં ખાડો ખોદીને વાવી દે અને રોજ એને પાણી પાજે, અને ધ્યાન રાખજે. છોકરાએ તો જુવાર, બાજરો, મગ, અડદ વગેરેનું વાવેતર જોયેલું અને ત્રણ ચાર દિવસમાં એના કોંટા બહાર આવેલા પણ જોએલા. આ ઠળીઓ વાવ્યે આઠ દસ દિવસ થઇ ગયા તોપણ કોંટો નીકળ્યો નહિ એટલે એને અધીરાઇ આવી ગઇ. તેણે ખાડો ખોદી ઠળીઓ બહાર કાઢ્યો, ચારેય કોરથી તપાસી તપાસીને જોયો પણ કોંટો ફૂટવાની કોઇ નિશાની જણાઇ નહિં. ઠળીઆને પાછો ખાડામાં નાંખી ઉપર માટી વાળી દીધી. વળી આઠ—દશ દિવસ રાહ જોઇ, વળી પાછી તપાસ કરી તોપણ કોંટાની કોઇ નિશાની જણાઇ નહિં, થાકીને તેના બાપ પાસે ગયો; બાપને કહે, ''આ ઠળીયો ઉગે એવું લાગતું નથી.'' પિતાએ કહ્યું, ''એને ત્યાં પડ્યો રહેવા દે; સમય થશે ત્યારે એની મેળે ઉગશે.'' એટલે છોકરો બોલ્યો, ''તમે ભલે કહો કે ઠળીઓ ઉગશે પણ આટલા સમયમાં મેં એને બે વખત બહાર કાઢીને તપાસી જોયો પણ ઉગે એવું કોઇ ચિહ્ન દેખાતું નથી.'' પિતાએ કહ્યું, ''મૂર્ખા, આવો કઠણ ઠળીઓ કંઇ પાંચ પંદર દિવસમાં ઉગે? એને તો છ—આઠ માસ ઉગતાં લાગશે; ત્યાંસુધી ધીરજ રાખી એને પાણી પાયા કરજે અને કોંટો



જરૂર બહાર દેખાશે. વચમાં જો હવે પાછો કાઢીશ તો કોઇ દિવસ ઉગશે નહિં.'' પછી વરસ પૂરું થયે તેમાં કોંટો ઉગ્યો તે જોઇ છોકરાના આશ્ચર્યનો પાર ન રહ્યો.

આવી રીતે સાધનામાં પણ સમજવાનું છે. ઉતાવળ કરી કે અધીરાઇ કરી કામ આવે નહિં, પરંતુ શ્રદ્ધાપૂર્વક અડગ ધૈર્યથી સાધના કર્યે જવી જોઇએ.

શ્રદ્ધાની કમીનું બીજું દુષ્પરિણામ એ આવે છે કે એક પછી એક એમ સાધના બદલાયા કરે છે અને પરિણામે એકેયમાં નિષ્ઠા થતી નથી. મનનો સ્વભાવ જ એવો છે કે પ્રાપ્તનો આદર ન કરવો; પ્રાપ્તના દોષ જોવા અને તેનાથી અકડાઇ, અપ્રાપ્તની શોધ માટે દોડ્યા કરવું. મનના આવા હઠીલા સ્વભાવને લીધે તે અનાદિકાળથી જન્મમરણનાં દુઃખ ભોગવતું આવે છે અને જ્યાંસુધી એ એની હઠીલાઇ નહિ છોડે ત્યાંસુધી જન્મમરણના દુઃખથી છૂટશે નહિ. પરિશ્રમથી તેને **'यदृच्छालाभसंतुष्टः'** શીખવવામાં આવે ત્યારે જ તેની ભવબંધનથી મુક્તિ થાય.

એક માણસ એક સાધન મેળવે છે. ચાર—છ માસ કે વરસ બે વરસ મન તેમાં બરાબર લાગે છે; પછી તે અકળાવા માંડે છે અને તેમાં દોષદૃષ્ટિ કરી, બીજા વધારે સરળ સાધનની શોધમાં લાગી જાય છે. નવામાં તેને ગુણ ગુણ ને ગુણ જ દેખાય છે, એટલે તેનું ઝટ ગ્રહણ કરી લે છે. વળી તેમાં ચાર છ માસ કે વરસ બે વરસ રમે છે અને કંટાળી તેને પણ છોડી દે છે. આમ એક પછી એક સાધના છૂટતી જાય છે અને જીવન વ્યર્થ પૂરું થઇ જાય છે.

(ક્રમશઃ)